ખ્રિસ્તની ખરી મંડળી.

કર્તા: રેવ. ફ્રેડરિક વુડ.

THE TRUE CHURCH OF CHRIST.

By Rev. Frederick Wood.

ખ્રીસ્તની ખરી મંડળી:

પ્રોટેસ્ટન્ટ લોકોને સંદેશો.

"જે વિશ્વાસ પવિત્રોને એક વેળા આપેલો હતો તે
ને તમારે અતિ શ્રમ કરવો." યહુદા ૩.

કર્તા, રેવ. ફ્રેડરિક વુડ.

પ્રકાશક, રેવ. ફ્રેડરિક વુડ, નડીઆદ.

આવૃત્તિ પહેલી.   નકલ ૫૦૦.

સને ૧૯૧૫.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કિંમત રૂ. ૦-૨-૦.

ખ્રીસ્તની ખરી મંડળી:

આપણા ખ્રીસ્તી લોકોને પત્ર.

"જે વિશ્વાસ પવિત્રોને એક વેળા આપેલો હતો તે વિષે તમારે અતિ શ્રમ કરવો." યહુદા ૩.

ભાગ ૧. શાસ્ત્ર સાક્ષી.

પ્રસ્તાવના.

પરમેશ્વરે જે ટોળું અમને સોંપેલું છે તે પ્રત્યે અમારી ફરજ છે, એમ ધારીને અમે આ ચોપાનીયું લખીએ છીએ, કારણ કે એવા કેટલાએક લોક છે કે જેઓ, આપણી પ્રોટેસ્ટન્ટ મંડળીઓ ઇસુ ખ્રીસ્તની ખરી મંડળીનો ભાગ નથી; અને ખરી ખ્રીસ્તી મંડળી તે ફક્ત રૂમનીજ છે, અને બીજી બધી મંડળીઓ ખોટી છે, એમ કહીને તેઓ પ્રોટેસ્ટન્ટ લોકોને તેઓના વિશ્વાસથી લલચાવવા પ્રયત્ન કરે છે.

રૂમી મંડળીને આ પ્રમાણે કહેવાના ખાસ કારણો નિચે મુજબ છે:—

૧. પૃથ્વિ પર પોતાના ખાસ પ્રતિનિધિ તરીકે ઇસુએ પ્રેરિત પીતરને નિમ્યો; માટે તે પૃથ્વિ પરની ખ્રીસ્તની મંડળીનો અગ્રેસર થયો.

૨. રૂમી મંડળીનો પહેલો ધર્માધ્યક્ષ (બિશપ) પીતર હતો; તેથી તે મંડળી મુખ્ય મંડળી થઇ.

૩. એ માટે રૂમી મંડળીનો પીતર પછી થનાર દરેક બિશપ, પૃથ્વિ પરની ખ્રીસ્તની મંડળીનો અગ્રેસર અને

ખ્રીસ્તનો ખાસ પ્રતિનિધિ થયો: એ માટે બીજી બધી મંડળીઓ રૂમી મંડળીને તાબે હોવી જોઇએ, અને બીજા બધા બિશપો તથા પાદરીઓ રૂમને તાબે હોવા જોઇએ.

૪. રૂમી મંડળીનો બિશપ અથવા પોપ ખ્રીસ્તનો પ્રતિનિધિ છે. તેથી તે નૈતિક બાબતમાં ભુલ વગરનો છે; માટે ફક્ત રૂમી મંડળીનું શિક્ષણ બરાબર છે, અને બધા ખ્રીસ્તીઓએ તે વિના પ્રશ્ને કબુલ કરવું તથા સ્વીકારવું જોઇએ.

૫. એ માટે એકલી રૂમી મંડળીજ ખ્રીસ્તની ખરી અને સાર્વત્રિક (કેથૉલિક) મંડળી છે. જેઓ રૂમનું સર્વોપરીપણું સ્વીકારતી નથી તેઓ ખ્રીસ્તની મંડળીનો ભાગ નથી.

૬. જેઓ રૂમી મંડળીમાં દિક્ષા પામે છે, તેઓજ ખરા પાદરીઓ છે.

આ વાતો ખરી છે કે કેમ, તે ફક્ત ખ્રીસ્તી ધર્મના પવિત્ર શાસ્ત્રથીજ નક્કી કરી શકાય; માટે આપણે શાસ્ત્ર તપાસીએ, અને જોઇએ કે, આ વાતો પાયાદાર છે કે કેમ. (યોહાન ૫: ૩૯).

અધ્યાય ૧ લો.

શું, ઈસુએ પ્રેરિત પીતરને પૃથ્વી પર પોતાના ખાસ પ્રતિનિધિ તરીકે નિમ્યો?

જે પાયા પર ખ્રીસ્તની મંડળી બાંધવાની હતી, તેનો સરદાર, તે પીતર છે; અને તે કારણથી તે ખ્રીસ્તનો પ્રતિનિધિ પણ છે; આ વાત સાબીત કરવા માટે રૂમી મંડળી, માત્થી ૧૬: ૧૮, ૧૯ માંની વાત સિદ્ધ કરે છે.

૧૮ મા કલમમાં લખેલું છે કે: " તું પીતર છે, અને આ પત્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેને હાડેસની દરબારનું જોર નહિ ચાલશે. "

હવે પ્રશ્ન આ છે કે, શું આ "પત્થર" શબ્દનો અર્થ "પીતર" છે? રૂમી મંડળી આ પ્રમાણે તેનો અર્થ કરે છે કેઃ "તુ પીતર (પત્થર) છે, અને આ પત્થર (એટલે પીતર) પર હું મારી મંડળી બાંધીશ." જો કે આ બે શબ્દનું મૂળ એકજ છે ખરૂં, તો પણ તે બન્ને શબ્દોની જાતિ જુદી છે. ગ્રીક ભાષામાં (કે જે ભાષામાં નવો કરાર લખેલો છે) "પીતર" ને બદલે "પેત્રોસ" શબ્દ આવે છે; અને તે નર જાતિનો છે; પણ "પત્થર" ને બદલે "પેત્રા" શબ્દ આવે છે, અને તે નારી જાતિનો છે; તેમજ તે પુરૂષના નામને માટે તદન અયોગ્ય શબ્દ છે. ગ્રીક ભાષામાં એ કલમ આવી રીતે લખવામાં આવી છેઃ—" તુ પેત્રોસ છે, ને આ પેત્રા પર હું મારી મંડળી બાંધીશ." આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, પાયાનો પત્થર પીતર થઇ શકતો નથી. વળી જો ઇસુનો બોલવાનો અર્થ એજ હોત, તો ખરેખર તે શક ભરેલુ ન રાખત, પણ સ્પષ્ટ કહેત કે, "પીતર, તારા પર હું મારી મંડળી બાંધીશ."

આ વાતના સંબંધમાં આપણે યાદ રાખવું જોઇએ કે, જુના કરારમાં "પત્થર" (અથવા "ખડક") શબ્દ દેવના અર્થમાંજ વપરાયો છે. આપણે વાંચીએ છીએ કે, "પોતાના તારણનો ખડક," "તેઓનો ખડક આપણા ખડક જેવો નથી." "ઇસ્રાએલનો ખડક," "યહોવાહ મારો ખડક છે," "તુ મારો ખડક છે," "મારો દેવ તથા મારા તારણનો ખડક," "પોતાના ગઢનો ખડક." (પુનર્નિયમ ૩૨ઃ ૧૫, ૩૦, ૩૧; ૨ શમૂએલ ૨૩ઃ ૩; ગીત શાસ્ત્ર ૧૮ઃ ૨; ૩૧ઃ ૩; ૮૯ઃ ૨૬; યશાયાહ ૧૭ઃ ૧૦). વળી પાઉલ કહે છે કે, "તે ખડક તો ખ્રીસ્ત હતો." (૧ કરીંથી. ૧૦ઃ ૪). અમે ધારીએ છીએ કે શિષ્યો, યહુદી છતાં,

પત્થર અથવા ખડક એ શબ્દનો અર્થ ખ્રીસ્તનેજ લાગે છે, એમ સમજતા હતા.

એ ઉપરથી અમે માનીએ છીએ કે, તે કલમનો અર્થ આ પ્રમાણે છે. ઇસુ પોતાના શિષ્યોને પુછતો હતો કે, હું કોણ છું, એ વિષે લોકો શું કહે છે ? તેઓએ કહ્યું કે, લોકો જુદી જુદી વાતો કહે છે. પછી તેણે તેઓને પૂછ્યું કે " હું કોણ છું તે વિષે તમે શું કહો છો ? " ત્યારે બીજા બધા શિષ્યોની વતી બોલનાર તરીકે પીતર બોલી ઉઠયો કે " તું મસીહ, જીવતા દેવનો દીકરો છે. " ઇસુએ ઉત્તર દેતાં તેને કહ્યું કે, "તું યોગ્ય રીતે પીતર કહેવાયલો છે, (કેમકે આવી હિમ્મતભરી કબૂલાત આપવાને તું બહાદુર માણસ છે,) અને હું તને કહું છું કે આ ખડક પર (એટલે જે કબૂલાત તેં કરી કે હું દેવનો દીકરો છું તે પર) હું મારી મંડળી બાંધીશ, અને તેને ઉલટુ હાડેસની દરબારનું જોર નહિ ચાલશે."

ખ્રીસ્તની મંડળીનો પાયો આ છે, મનુષ્ય પીતર નહિ, પણ ખ્રીસ્ત દેવનો દીકરો.

એક કરતાં વધારે વખત પીતરે દેખાડયું કે મંડળીનો પાયો થવાને માટે પોતે અયોગ્ય તથા અસ્થિર માણસ હતો, અને ખરેખર તેને ઉલટુ શેતાનનું જોર ચાલ્યું. ઉપર કહેલી મોટી કબૂલાત કર્યા પછી તરતજ, તેના સ્વભાવ માટે પ્રભુએ તેને ઠપકો આપ્યો, અને તેને શેતાન (એટલે શત્રુ) કહ્યો. માત્થી ૧૬ : ૨૧—૨૩. પીતરે પોતે કહ્યું કે જો બીજા બધા શિષ્યો પ્રભુનો નકાર કરે તોપણ હું વિશ્વાસુ તથા સ્થિર રહીશ; પણ તેજ રાત્રે તેણે સમ ખાઇને તથા શ્રાપ દઇને ત્રણવાર પોતાના પ્રભુનો નકાર કર્યો. માત્થી ૨૬ : ૩૧—૩૫, ૬૯—૭૫. વળી જ્યારે પીતર અંત્યો-

ખમાં હતો, ત્યારે તેની ચાલચલગત એટલી બધી દોષિત હતી કે પાઉલ કહે છે કે " હું તેની સામા તેને ઉઠ્યો." ગલાતી. ૨ : ૧૧–૧૩.

જે કબૂલાત પીતરે કરી તેની અસર, તથા આત્માના તારણમાં તેનું કામ, નિચેની કલમોમાં દેખાડવામાં આવે છેઃ " જે કોઇ કબૂલ કરે છે કે, ઇસુ દેવનો પુત્ર છે, તેનામાં દેવ તથા તે દેવમાં રહે છે. " ૧ યોહાન ૪ : ૧૫. " જે વિશ્વાસ કરે છે કે ઇસુ દેવનો પુત્ર છે તે વગર જગતને કોણ જીતે છે ? " ૧ યોહાન ૫ : ૫.

શાસ્ત્રના બીજા પુરાવા સાંભળોઃ " કેમકે નંખાયલો પાયો જે ઇસુ ખ્રીસ્ત તે વિના બીજાને કોઈ નાંખી શકતુ નથી. " ૧. કરંથી. ૩ : ૧૧. " પ્રેરિતો તથા ભવિષ્યવાદીઓના પાયા પર તમે બંધાએલા છો; ઇસુ ખ્રીસ્ત પોતે તો ખુણાનું મથાળુ છે. " એફેસી. ૨ : ૨૦. ખ્રીસ્ત વિષે યશાયાહનું ભવિષ્ય બોલતાં પીતર કહે છે કે, " જુઓ, પસંદ કીધેલો તથા મૂલ્યવાન, એવો ખુણાનો મુખ્ય પત્થર હું સિયોનમાં મુકું છું, ને જે તેના પર વિશ્વાસ કરે છે તે લજવાશે નહિ. " ૧ પીતર ૨ : ૬. પ્રેરિત યોહાનને જે પ્રગટીકરણ અપાયું, તેમાં તેણે દેવની મંડળી જોઇ; જેને બાર પાયા હતા, ને જેના પર ખ્રીસ્તના બાર પ્રેરિતોનાં બાર નામ હતાં. પ્રકટીકરણ ૨૧ : ૧૦–૧૪.

આથી સ્પષ્ટ જણાય છે કે મંડળીનો પાયો નાંખવામાં ભવિષ્યવાદીઓની સાથે દરેક પ્રેરિતને સરખુંજ માન હતું. કોઇ પણ જગ્યાએ શાસ્ત્ર, કે પીતર પોતે અથવા બીજા પ્રેરિતો, પીતરને ખાસ જગ્યા અથવા માન આપતા નથી.

મંડળીના શીરપણા વિષે આપણે એમ વાંચીએ છીએ

કે, દેવ બાપે ખ્રીસ્તને "સર્વ પર મંડળીનું શીર કરીને ઠરાવ્યો." એફેસી. ૧ : ૨૨, ૨૩. "પ્રેમથી સત્ય રાખીને, ખ્રીસ્ત જે શીર છે તેમાં [આપણે] સર્વ પ્રકારે વધીએ." એફેસી. ૪ : ૧૫. "મંડળી ખ્રીસ્તને આધીન છે" એફેસી. ૫ : ૨૪. "તે શરીરનું એટલે મંડળીનું શીર છે." કલોસી. ૧ : ૧૮. જો કે પીતરની હયાતીમાં પ્રેરિતોના પત્રો લખવામાં આવ્યાં હતાં, તો પણ તે પોતે મંડળીનું શીર છે એવી વાત કોઇ પણ જગ્યાએ જણાવવામાં આવતી નથી.

પણ કહેવામાં આવે છે કે, પુનરૂત્થાન પછી જે ત્રણ અખત્યાર ખ્રીસ્તે પીતરને આપ્યા, એટલે "મારાં ઘેટડાંને પાળ," "મારાં ઘેટાંને સાચવ," અને "મારાં ઘેટાંને પાળ" (યોહાન. ૨૧ : ૧૫–૧૭), તેથી પીતરને મુખ્ય ઘેટાંપાળકનો ઓદ્ધો મળ્યો, પણ એમ તો નથી. આપણે એવી કલ્પના ન કરીએ કે, જેણે ખોટી રીતે ખ્રીસ્તનો નકાર કર્યો તેને ખ્રીસ્ત બીજા ઉપર તથા મંડળી ઉપર શીર તરીકે નીમે ! એ વાત તો એમ છે કે, પીતરે પોતાના કૃત્યે કરીને પ્રેરિતોની ટોળીમાંના સભાસદ તરીકેની પોતાની જગ્યા ગુમાવી હતી; માટે એ અખત્યારથી ખ્રીસ્ત તેને તેની જગ્યાએ પુનઃસ્થાપતો હતો; અને બીજા શિષ્યોની સમક્ષ ખ્રીસ્તે એ અખત્યાર તેને જાહેર રીતે આપ્યો, એ માટે કે, તે પ્રેરિતોની ટોળીમાં પુનઃનિમાયો છે, એ વાત તેઓ જાણે. વળી તે ત્રણ વખત, કારણકે પીતરે ત્રણ વાર તેનો નકાર કર્યો. માત્થી. ૨૬ : ૩૪, ૬૯–૭૫; યોહાન ૧૩ : ૩૮; ૧૮ : ૨૫–૨૭.

વળી, મંડળીના મુખ્ય પાળક તરીકે શાસ્ત્રમાં પીતરની શોધ કરવી તે વ્યર્થ છે. એટલુંજ નહિ પણ એવી સત્તા તે ચલાવતો હોય એવું કોઈ જગ્યાએ આપણે જોતા નથી.

પીતર બીજા પ્રેરિતોથી સમારીઆમાં મોકલવામાં આવ્યો. પ્રેરિત. ૮ : ૧૪. યરૂશાલેમની મંડળીએ (પીતરે નહિ) બાર્નાબાસને અંત્યોખ લગી મોકલ્યો. પ્રેરિત. ૧૧ : ૨૨. પીતરે નહિ પણ અંત્યોખની મંડળીએ પાઉલ તથા બાર્નાબાસને દીક્ષા આપી. પ્રેરિત. ૧૩ : ૧—૩. પચાસમા દિવસ પછી લગભગ ઓગણીસ વર્ષે પાઉલ તથા બાર્નાબાસ પ્રેરિતો અને વડીલો (પીતર એકલાની નહિ) ની મુલાકાત લેવા યરૂશાલેમ ગયા, ત્યારે પ્રેરિતો અને વડીલો (પીતર એકલો નહિ) તેઓને મળ્યા. પ્રેરિત. ૧૫ : ૧—૪. વળી પાઉલ કહે છે કે, ત્યાં, યરૂશાલેમમાં, ત્રણ પ્રેરિતો હતા કે જે મંડળીના થંભ જેવા હતા, એટલે પ્રભુનો ભાઈ યાકુબ તથા પીતર (કેફા) તથા યોહાન. ગલાતી. ૨ : ૯. આ ત્રણમાં મુખ્ય પીતર નહિ પણ યાકુબ હતો. અને મંડળીની સભાએ જે માણસની સલાહ સ્વીકારી તે માણસ પીતર નહિ પણ યાકુબ હતો. વળી પીતરે નહિ પણ યરૂશાલેમની મંડળીએ અંત્યોખની મંડળીને સલાહ આપવા માટે પાઉલ અને બાર્નાબાસ સાથે યહુદા તથા સીલાસને ત્યાં મોકલ્યા. વાંચો પ્રેરિત. ૧૫. જ્યારે પીતર કાઈસારીઆમાં હતો, અને કરનેલ્યસ સુબેદારે તેને પગે પડીને દંડવત પ્રણામ કીધા ત્યારે પીતરે તેને ઉઠાડતાં કહ્યું કે, "ઉભો થા, હું પણ માણસ છું." પ્રેરિત. ૧૦ : ૨૫, ૨૬. પીતર પોતાનો પહેલો પત્ર લખતાં વડીલોને કહે છે કે "હું સાથી વડીલ છું." અને મંડળીઓને લખતાં પોતાને "ઈસુ ખ્રીસ્તનો પ્રેરિત" એમજ કહે છે. (૧ પીતર ૧ : ૨). અને બીજા પત્રમાં તે પોતાને "ઇસુ ખ્રીસ્તનો સેવક તથા પ્રેરિત" એ નામ આપે છે. (૨ પીતર ૧ : ૧). મુખ્ય ઘેટાંપાળક એ નામ તે ખ્રીસ્તને આપે છે. (૧ પીતર ૫ : ૧—૪). અને પોતાના જેવા પાળક બનવાનું ઉત્તેજન બીજાઓને

આપે છે. પીતર ફક્ત બીજા પાળકોના જેવો પાળક હતો. મુખ્ય ઘેટાંપાળક ઉત્તમ ઘેટાંપાળક છે એટલે ઇસુ ખ્રીસ્ત કે જેણે ઘેટાંને સારૂ પોતાનો જીવ આપ્યો. યોહાન ૧૦:૧૧.

વળી, આ સંબંધમાં પ્રભુએ પોતાના વિચારો ઘણી સ્પષ્ટ રીતે પ્રદર્શીત કર્યા છે. તેણે એમ શિખાડયું કે, તેના બધા શિષ્યો સરખાજ હતા. જ્યારે તેઓએ તેના રાજ્યમાં મુખ્ય જગ્યા માગી ત્યારે તેણે તેઓને ધમકાવ્યા. માત્થી ૨૦ : ૨૦–૨૮. જો તે પીતરને મળવાની હોત, તો ખ્રીસ્ત તે વિષે સ્પષ્ટ કહેત. વળી તેણે કહ્યું કે, "તમે રાબ્બી ન કહેવાઓ; કેમકે એકંજ તમારો ગુરૂ છે, ને તમે સઘળા ભાઇઓ છો. અને પૃથ્વિ પર તમે કોઇને તમારો બાપ ન કહો, કેમકે એક જે આકાશમાં, તે તમારો બાપ છે. અને તમે સ્વામી ન કહેવાઓ, કેમકે એક જે ખ્રીસ્ત તે તમારો સ્વામી છે." માત્થી ૨૩ : ૮–૧૨. આમ છતાં રૂમી મંડળી પોતાના પાદરીઓને "ફાધર," એટલે બાપ, કહે છે, અને તેના મુખ્ય બિશપને "પાપા", અથવા પોપ, એટલે બાપ, કહે છે.

માત્થી ૧૬ : ૧૯ માં આપણે વાંચીએ છીએ કે પીતરની કબૂલાત વખતે ઇસુએ કહ્યું કે—"આકાશના રાજ્યની કુંચીઓ હું તને આપીશ, ને પૃથ્વી પર તું જે કંઇ બાંધશે તે આકાશમાં બંધાશે; ને પૃથ્વી પર તું જે કંઇ છોડશે, તે આકાશમાં પણ છોડાશે." શું ઇસુએ રાજ્યની કુંચીઓ ફક્ત પીતરને આપી ? જો આપણે માત્થી ૧૮ : ૧૫–૨૦ વાંચીએ તો માલુમ પડશે કે આ અધિકાર ફક્ત પીતરને નહિ પણ સઘળા શિષ્યને અપાયો. તે અધ્યાયની પહેલી કલમમાં આપણે વાંચીએ છીએ કે તેજ વેળાએ સઘળા શિષ્યો પ્રભુનો બોધ પામતા હતા, અને તે બોધમાં તેણે

તેઓને કહ્યું કે " વળી જો તારો ભાઇ તને ઉલટો અપ-
રાધ કરે, તો તું જા, ને તુ ને તે એકાંતે જઇને તેનો દોષ
તેને કહે; જો તે તારૂ સાંભળે, તો તેં તારા ભાઇને મેળવી
લીધો છે. પણ જો તે ન સાંભળે, તો એક બે જણ તારી
સાથે લે, એ માટે કે દરેક વાત બે અથવા ત્રણ શાહેદીના
મોહોથી સાબીત થાય. અને જો તે તેઓનું ન માને તો
મંડળીને કહે, ને જો મંડળીનું પણ તે ન માને તો તેને
વિદેશી તથા દાણીના જેવો ગણ. હું તમને ખચીત કહુ છું
કે, જે કંઈ તમે પૃથ્વિ પર બાંધશો, તે આકાશમાં બંધાશે;
ને જે કંઇ તમે પૃથ્વિ પર છોડશો, તે આકાશમાં છોડાશે.
વળી હું તમોને કહું છું કે, જો પૃથ્વિ પર તમારામાંના બે
કંઇ પણ વાત મંબંધી એક ચિત્તના થઈને માગશે, તો
મારા આકાશમાંના બાપથી તેઓને સારૂ તે કરાશે, કેમકે
જયાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થએલા હોય ત્યાં
તેઓની વચમાં હું છું. "

(अ) આથી સ્પષ્ટ સમજાય છે કે " કુંચીઓ "
સઘળા પ્રેરિતોને સરખે ભાગે અપાઇ હતી.

પણ " કુંચીઓ " નો અર્થ શો છે ? કુંચીઓ
કારભારીપણાની નિશાની છે. શાસ્ત્રીઓ વિષે ઇસુએ કહ્યું
કે, તેઓએ " જ્ઞાનની કુંચીઓ લઇ લીધી છે. " લુક
૧૧ : ૫૨. જેના હાથમાં કુંચી છે તેઓ જ્ઞાન તથા સત્ય-
તાના ભંડારમાં પ્રવેશ કરી શકે છે. અને તેઓજ સ્પષ્ટ
રીતે અને અધિકારથી શીખાડી શકે છે. જેમ કારભારીને
દરવાજા ઉઘાડવા કુંચીઓ સોંપવામાં આવે છે, તેમ, તેઓને
સત્યતા તથા ઉદ્ધાર માર્ગ ઉઘાડવા માટે, અધિકાર સોંપ-
વામાં આવે છે. એવી રીતે પચાસમા દિવસે તથા ત્યાર
પછી પીતરે અને બીજા શિષ્યોએ " કુંચીઓ " વાપરી. આ

અભણુ માણુસોને અજબ રીતે ઇશ્વરી જ્ઞાન અપાયું હતું. પણુ જે સાધન વડે તેઓને અને ઇસુના બીજા બધા શિષ્યોને શીખાડવામાં આવ્યું તે આપણે ન ભુલીએ, એટલે પવિત્ર આત્મા, જેમ ઇસુએ વચન આપ્યું હતું તેમ: "પણુ સંબોધક, એટલે પવિત્ર આત્મા જેને બાપ મારે નામે મોકલી દેશે, તે તમને બધું શિખવશે. ને મેં જે સર્વ તમને કહ્યું તે બધુ તમારા સ્મરણુમાં લાવશે." યોહાન ૧૪:૨૬. વળી, "જે સત્યતાનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે." યોહાન ૧૬:૧૩.

પહેલવહેલી આ કુંચી વાપરવાનું માન પીતરને અપાયું હતું, એટલે કે પચાસમાને દિવસે યહુદીઓને, અને પછી કાઇસારીઆમાં હેલેનીઓને તેણે સુવાર્તા પ્રગટ કરી તે. પ્રેરિત. ૧૦. પણુ બધા ખ્રીસ્તી પાદરીઓ કારભારી છે, અને તેઓની પાસે કુંચીઓ છે. તીતસ ૧:૭ માં એમ લખ્યું છે કે, "અધ્યક્ષે [એટલે વડીલે] દેવના કારભારીના જેવા નિર્દોષ હોવું જોઇએ." વળી ૧ કરીથી. ૧૪:૧૨ માં પાઉલ લખે છે કે, "દરેક માણુસે અમને ખ્રીસ્તના સેવકો તથા દેવના મર્મોના કારભારીઓ જેવા ગણુવા."

(બ) શાસ્ત્રથી એ પણુ સ્પષ્ટ જણાય છે કે, બાંધવાનો તથા છોડવાનો અધિકાર બધા પ્રેરિતોને આપવામાં આવ્યો હતો.

પણુ બાંધવું તથા છોડવું આ શબ્દોનો શો અર્થ છે? જુઓ, "જે કોઇ" એમ લખ્યું નથી, પણુ "જે કંઇ." આથી આપણે જાણીએ છીએ કે, માણુસો વિષે એમ નહિ પણુ વસ્તુઓ વિષે એમ લખ્યું છે. એનો અર્થ એ છે કે મના કરવું અને મંજુર કરવું. જેમ લખ્યું છે

તેમ "જે કંઇ તમે બાંધશો" અને "જે કંઇ તમે છોડશો." આમાં ઇસુના શિષ્યો માટે નિયમો ઠરાવવાનો અધિકાર, એટલે કે તેઓ શું કરી શકે અને તેઓ શું ન કરી શકે, તે દેખાડયું છે. જેમ પ્રેરિત. ૧૫ માં પીતર નહિ પણ યરૂશાલેમની મંડળીની સભાએ અંત્યોખના વિશ્વાસીઓની ચાલચલણ માટે નિયમો ઠરાવ્યા, તેમ મંડળી ચલાવવાના નિયમો ઠરાવવા.

(क). યોહાન ૨૦ : ૧૯–૨૩ માં આપણે વાંચીએ છીએ કે તેના પુનરૂત્થાન પછી, જ્યાં શિષ્યો એકઠા થયા હતા, ત્યાંનાં બારણાં બંધ છતાં, ઈસુ આવ્યો, અને તેઓ પર શ્વાસ નાંખીને કહ્યું કે "તમે પવિત્ર આત્મા પામો; જેઓનાં પાપ તમે માફ કરો છો તેઓનાં માફ કરાય છે; ને જેઓનાં પાપ તમે રાખો છો તેઓનાં રખાય છે."

આથી સ્પષ્ટ જણાય છે કે, પાપ માફ કરવા અથવા રાખવાની આ સત્તા તથા અધિકાર બધા પ્રેરિતોને સરખો અપાયો હતો, ફક્ત એકનેજ નહિ. અને એ સત્તા શી હતી? એજ કે, જે માણસ પસ્તાવો કરે છે અને ખ્રીસ્ત પર વિશ્વાસ કરે છે તે માણસને પાપની માફીની ખાત્રી આપવી: અને જે માણસો પશ્ચાત્તાપ કરતા નથી અને વિશ્વાસ કરતા નથી તેને જણાવે કે તેના પાપ કાયમ રહેશે. [જુઓ ૧૦ મો અધ્યાય.]

આપણે ઉપર પુરી રીતે ખ્રીસ્તની વાતો લખી છે, કારણ કે કહેલું છે કે, આ અધિકાર, એટલે કુંચી રાખવાનો, અને બાંધવા તથા છોડવાનો, અને પાપની માફી ફરમાવવાનો અધિકાર ફક્ત પીતરને, અને ધર્મસેવામાં તેની પાછળ ચાલનારાઓનેજ, અને જેને તેઓ આપે તેઓનેજ આપવામાં આવ્યો હતો. આવી રીતે કરવાથી તેઓ બીજા પ્રેરિ-

તોને, તેમની મારફતે થએલા દિક્ષીતોને, અને તેઓની પાછળ ચાલનારાઓને તદ્દન ગણુતા નથી. પણ શાસ્ત્ર દેખાડે છે કે ઇસુ ખ્રીસ્તની મંડળીમાં પીતરનું શીરપણું પાયા વગરનો મત છે. એકલો પીતર નહિ, પણ બધા પ્રેરિતો, અને તેઓ પછી સુવાર્ત્તાની સેવામાં દેવથી ખરેખર તેડાએલા બધા માણસો સુવાર્ત્તાના પવિત્ર ખજાનાના જાળવનારા છે. અને મંડળી ચલાવવાનું તથા શિક્ષા આપવાનું કામ મંડળી ઉપર મુકાએલું છે. [ગ્રીક ભાષામાં "મંડળી" શબ્દને બદલે "ઇકલીઝીઆ" શબ્દ આવે છે જેનો અર્થ "તેડાએલાઓ" છે.] એટલે કે કોઈ ખાસ માણસ, પછી તે ગમે તેવો હોય તોપણ તેને માથે નહિ. જેમ શાસ્ત્રમાંથી અગાઉ કહી ગયા તેમ, તથા યરૂશાલેમની મંડળીની સભાના કાર્યથી બતાવેલી છે તેમ, મંડળીની દરેક શાખાપર આ જવાબદારી ખ્રીસ્તે પોતે મૂકેલી છે.

વળી સ્પષ્ટ રીતે કહેવું જોઇએ કે, કોઈ પણ મત અથવા સિદ્ધાંતનું પ્રમાણ શાસ્ત્રના એકજ અથવા આગળ પાછળના સંબંધમાંથી વેગળા મુકાએલા વાકયો પરથી થઈ શકતું નથી. પણ તે વિષયને લગતી દેવની વાતના આખા ભાવાર્થ તથા સ્પષ્ટ અર્થ પરથીજ થઇ શકે છે. શાસ્ત્રના અભ્યાસમાં આ મુખ્ય વાત યાદ રાખવી જોઇએ.

પ્રભુના એક પ્રેરિત તરીકે અમે પીતરને માન આપીએ છીએ, પણ બીજા બધા પ્રેરિતોની સાથે સમભાગે. અને શાસ્ત્રમાં જે પદવી તેને અપાયલી છે તે અમે પણ તેને આપીએ છીએ.

અધ્યાય ૨ જો.

શું, પ્રેરિત પીતર રૂમની મંડળીનો પ્રથમ બિશપ હતો ?

આપણે જાણીએ છીએ કે, પીતર યરૂશાલેમ, લુદીઆ, જોપ્પા, કાઇસારીઆ, અંત્યોખ તથા બાબેલોનમાં હતો. પ્રેરિત. ૯: ૧૦; ગલાતી. ૨:૧૧; ૧પીતર ૫:૧૩. પણ તે કદી રૂમમાં હતો એવું વાંચવામાં આવતુંજ નથી. આપણે જાણીએ છીએ કે પાઉલ, તીમોથી, લુક તથા બીજા કેટલાએક મુખ્ય ખ્રીસ્તીઓ રૂમમાં હતા. પ્રેરિત. ૨૮; ફિલીપી. ૨ : ૧૯ ; કલોસી ૪ : ૧૪. જો પીતર ત્યાં હોત, અને જો તે ત્યાંની મંડળીનો પ્રમુખ હોત, તો ખરેખર શાસ્ત્રનો કોઇ લખનાર આ પ્રસિદ્ધ વાત લખત. પણ તે વિષે કાંઈજ લખેલું નથી. એ જાણવા જોગ છે. પાઉલનો છેલ્લો પત્ર—તીમોથીને બીજો પત્ર—રૂમમાં ઇ. સ. ૬૬ માં લખવામાં આવ્યો, એટલે પાઉલના મરણના પહેલાં બે વરસે. અને એમ ધારવામાં આવે છે કે, પીતર આસરે તેજ વખતે મરણ પામ્યો. પણ પાઉલ અથવા લુક, પીતર ત્યાં હતો કે નહિ, એ વિષે કાંઇ લખતાજ નથી. છતાં રૂમી મંડળી

છે કે, પીતર રૂમમાં પચીસ વરસ રહ્યો—એટલે ઇ. સ. ૪૩–૬૮. [જુઓ ૨જો ભાગ, ૧લો અધ્યાય.]

અધ્યાય ૩ જો.

ખ્રીસ્તી મંડળીનો પ્રતિનિધિ.

જો પીતર રૂમમાં હતો; અને જો તે રૂમી મંડળીનો પ્રથમ બિશપ હતો (તો તેની શી ખાત્રી, કેમકે તે વિષે કાંઇ પ્રમાણ નથી), અને જો ખ્રીસ્તે તેને મંડળીનો સર-

દાર ઠરાવ્યો હતો (તો તેની શી ખાત્રી, કેમકે તે વિષે કાંઈ પ્રમાણ નથી), ત્યારે એવું અનુમાન થતું નથી કે ત્યાર પછી તે મંડળીનો દરેક બિશપ ખ્રીસ્તની સાર્વત્રિક મંડળીનો સરદાર અને ખ્રીસ્તનો એકલોજ પ્રતિનિધિ થાય; અથવા ખ્રીસ્તી મંડળીની બીજી બધી શાખાઓ રૂમને તાબે થાય. વળી જે અધિકાર પ્રેરિતોને અપાયો હતો તે તેઓના વારસોને પણ આપ્યો હતો, એ વાતની પણ કાંઇ સાબિતી નથી.

જેમ પીતરના મંડળીના શિરપણા વિષે શાસ્ત્રમાં કંઈ પ્રમાણ નથી, તેમ કોઇ પણ મંડળીની શાખાના ધર્માધ્યક્ષ તરીકેના દાવા માટે પણ શાસ્ત્રમાં કંઇ પ્રમાણ નથી. [જુઓ ૨જો ભાગ ૨જો અધ્યાય].

અધ્યાય ૪ થો.

શું, ખ્રીસ્તી મંડળીની કોઇ પણ શાખાનો પ્રમુખ ધર્માધ્યક્ષ ભુલ રહીત છે ?

ઇ. સ. ૧૮૭૦ માં રૂમ મંડળીનું જે છેલ્લું સિદ્ધાંત પ્રગટ કરવામાં આવ્યું હતું, તે એ છે કે “ જ્યારે પોપ તેના ઓદ્ધાની રૂએ બોલે, એટલે કે ખ્રીસ્તીઓના પાળક તથા ડૉકટર તરીકે પોતાની ફરજ બજાવે છે ત્યારે તે વિશ્વાસ તથા નીતિ સંબંધી સિદ્ધાંતનો ખુલાસો કરે છે, એ માટે કે સાર્વત્રિક મંડળી તે માને, તે વખતે આશિર્વાદીત પીતરની માર્ફતે વચને કરી અપાએલી ઇશ્વરી સહાય તેને મળે છે ” ત્યારે તે ભુલ વગર કરે છે.

આખું શાસ્ત્ર એમ દેખાડે છે કે એવો ભુલ વગરનો કોઈ પણ માણુસ નથી. માટે, આ સિદ્ધાંત શાસ્ત્રવડે સાબિત

કરી શકાતો નથી. [જુઓ ૨જો ભાગ, ૩જો તથા ૪થો અધ્યાય.] કોઇપણ માણસ ચૂક વગરનો નથી એટલુંજ નહિ, પણ મંડળી કદી ચૂક વગરની થઇ ન હતી. ઇસ્રાએલી મંડળી વારંવાર મૂર્તિપૂજામાં પડતી અને યાજકો રસ્તો દેખાડતા હતા. અને પ્રકટીકરણના પહેલાં ત્રણ અધ્યાયમાં બતાવ્યા મુજબ ખ્રીસ્તી મંડળીઓ પણ તેમજ કરતી હતી. સ્વધર્મ ત્યાગનું ભવિષ્ય કહેલું છે તો પછી અચૂકતાનું વચન આપવામાં આવ્યું નથી.

અધ્યાય ૫ મો.

શું, ખ્રીસ્તી મંડળીની કોઇ પણ શાખા એકલી ખરી અને સાર્વત્રિક મંડળી છે? ખરી ખ્રીસ્તી મંડળી કઇ છે? ખરી ખ્રીસ્તી મંડળી એટલે શું? ખરા ખ્રીસ્તીઓ કોણ છે?

કોઈ પણ એક મંડળી અથવા પંથ પોતાને માટે સાર્વત્રિક (એટલે કૅથોલીક) મંડળી આ નામ લઇ શકતો નથી, કારણ કે તે માટે શાસ્ત્રનું કોઈ પ્રમાણ નથી.

જે મંડળી પ્રેરિતોના પગલામાં ચાલે છે, અને જે સુવાર્ત્તા પ્રેરિતો પ્રગટ કરતા હતા તે સુવાર્ત્તા પ્રગટ કરે છે, તે મંડળી ખરી મંડળી છે. જેઓ પ્રેરિતો જેવા ચાલે છે તેઓ પ્રેરિતોના વારસો છે.

રૂમી મંડળી એવું જાહેર કરે છે કે તે પ્રેરિતોની મંડળી છે, અને તેના પાદરીઓ તે પ્રેરિતોના અનુયાયી વારસો છે. રૂમી મંડળીના વિદ્વાનો કહે છે કે, જે મંડળી પ્રેરિતોએ સ્થાપી હોય અને જેમાં પ્રેરિતોના જમાનાથી પાદરીઓની જગ્યાએ એક પછી એક યોગ્ય રીતે દીક્ષીત કરાએલા, કાય-

દેસર મોકલાએલા અને પ્રેરિતોના સિદ્ધાંતો શીખવનાર પાદરીઓ છે તે પ્રેરિત અનુકરણીય મંડળી છે. પણ, શું, આ બાબતમાં રૂમી મંડળી પ્રેરિત અનુકરણીય છે કે? એમ ઇતિહાસ આપણાને બતાવતો નથી. [જુઓ ૨જો ભાગ, ૩જો, ૪થો અને ૫મો અધ્યાય.]

ખરી ખ્રીસ્તી મંડળી કોનાથી બનેલી છે ? ખરા ખ્રીસ્તીઓ કોણ છે ? તેઓ કોઇ અમુકજ પંથના નથી, પણ જે બધા ખરા અને આખા હૃદયથી ઇસુ ખ્રીસ્તને દેવના દિકરા તરીકે સ્વિકારે છે, તેના પ્રાયશ્ચિતના કામ ઉપર વિશ્વાસ રાખે છે, સઘળાં કામોમાં તેની ઇચ્છા પુરી કરે છે, અને તેના પગલામાં ચાલવાનો પ્રયત્ન કરે છે, આત્મા તથા સત્યતાથી દેવ બાપની ભક્તિ કરે છે, પવિત્ર આત્માથી દોરાવા પ્રયત્ન કરે છે, એકલા ખરા અને ભૂલ વગરના ભોમીઆ તરીકે પવિત્ર શાસ્ત્રને આગળ કરે છે; આખા હૃદય, મન, આત્મા અને બળથી પ્રભુ દેવ પ્રર પ્રીતિ કરે છે, અને જેમ પોતા પર તેમ પાડોશીઓપર પ્રીતિ કરે છે, દરેક દેશમાં અને દરેક લોકમાં ઇસુ ખ્રીસ્તનું રાજ્ય અને તેની સુવાર્તાનો હેતુ પ્રસારવાના પ્રયત્નો કરે છે, એવા માણસો ખરા ખ્રીસ્તીઓ છે.

વળી ખરા ખ્રીસ્તીની નિશાનીઓ વિષે કંઇ શક નથી, કારણ કે તેઓ શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે દેખાડવામાં આવી છે, એટલે:—

(૧) તેઓ ઈસુ તે ખ્રીસ્ત, દેવનો દીકરો છે, એમ માને છે.

" જેટલાએ તેનો અંગીકાર કીધો, એટલે તેના નામ પર વિશ્વાસ કીધો, તેટલાને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો." યોહાન ૧ : ૧૨. "ઇસુ ખ્રીસ્ત દેહમાં

આવ્યો છે, એવું જે હરેક આત્મા કબુલ કરે છે તે દેવનો છે." ૧ યોહાન ૪:૨. "હરેક જે વિશ્વાસ કરે છે કે ઇસુ એજ ખ્રીસ્ત છે તે દેવથી જન્મેલો છે" ૧ યોહાન ૫:૧.

(૨) તેઓ ખ્રીસ્તની આજ્ઞાઓ પાળે છે.

" ત્યારે જે યહુદીઓએ તેના પર વિશ્વાસ કીધો હતો તેઓને ઇસુએ કહ્યું કે, જો તમે મારા વચનમાં રહો તો ખચીત તમે મારા શિષ્ય છો." યોહાન ૮:૩૧. "જે આજ્ઞાઓ હું તમોને આપુ છું તે જો તમે પાળો છો તો તમે મારા મિત્ર છો" યોહાન ૧૫:૧૪. " જે કોઇ તેનું વચન પાળે છે તેનામાં દેવ પરનો પ્રેમ ખરેખરો સંપૂર્ણ થયો છે, એથી આપણે જાણીએ છીએ કે આપણે તેનામાં છીએ." ૧ યોહાન ૨:૫.

(૩) તેઓ ખ્રીસ્તના પગલામાં ચાલે છે.

"જેવું મેં તમને કીધું, તેવું તમે પણ કરો, એ માટે મેં તમને નમુનો આપ્યો છે." યોહાન ૧૩:૧૫; વળી લુક ૨૨:૨૪–૨૭; યોહાન ૧૩:૩–૫, ૧૨–૧૫. " મારી ઝુંસરી પોતાપર લો, મારી પાસે શિખો, કેમકે હું મનમાં નમ્ર તથા રાંકડો છું." માત્થી ૧૧:૨૯. " ખ્રીસ્તે પણ તમારે સારૂ સહ્યું ને તમોને નમુનો આપ્યો છે, એ માટે કે તમે તેના પગલાંમાં ચાલો." ૧ પીતર ૨:૨૧. "ખ્રીસ્ત ઇસુનું જે મન હતું તે તમે પણ રાખો" ફિલિપી ૨:૫. વળી ૧ યોહાન ૨:૬.

(૪) તેઓ ફળ આપે છે.

"તમે બહુ ફળ આપો, એમાં મારો બાપ મહિમાવાન થાય છે, અને એમ તમે મારા શિષ્ય થશો." યોહાન ૧૫:૧૮. " આત્માનું ફળ એ છે કે, પ્રેમ, આનંદ,

શાંતિ, સહનતા, માયાળુપણું, ભલાઇ, વિશ્વાસ, નમ્રતા, સ્વદમન" ગલાતી. ૫ : ૨૨–૨૪.

(૫) તેઓ આત્માથી તથા સત્યતાથી દેવનું ભજન કરે છે.

" દેવ આત્મા છે, ને જેઓ તેને ભજે છે તેઓએ આત્માથી તથા સત્યતાથી ભજન કરવું જોઇએ." યોહાન ૪:૨૪.

(૬) તેઓ પવિત્ર આત્માથી દોરાય છે.

"પણ સંબોધક, અટલે પવિત્ર આત્મા, જેને બાપ મારે નામે મોકલી દેશે; તે તમને બધુ શિખવશે, ને મેં જે સર્વ તમને કહ્યું તે બધું તમારા સ્મરણમાં લાવશે. " યોહાન ૧૪ : ૨૬. " જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે." યોહાન ૧૬ : ૧૩. " જે પવિત્ર છે તેનાથી તમે અભિષેક પામ્યા છો, ને તમે સઘળુ જાણો છો. " ૧ યોહાન ૨ : ૨૦. " જેટલા દેવના આત્માથી દોરાય છે, તેટલા દેવના દિકરા છે." રૂમી. ૮ : ૧૪.

(૭) તેઓમાં પવિત્ર આત્માની સાક્ષી છે.

"તે તમારી સાથે રહે છે, ને તમારામાં વસશે." યોહાન ૧૪ : ૧૭. " આત્મા પોતે આપણા આત્માની સાથે સાક્ષી આપે છે કે, આપણે દેવનાં છોકરાં છીએ." રૂમી. ૮ : ૧૬. " આપણે તેનામાં રહીએ છીએ, ને તે આપણામાં, એ આપણે એથી જાણીએ છીએ કે તેણે પોતાના પવિત્ર આત્માનું દાન આપણને આપ્યું છે" ૧ યોહાન ૪ : ૧૩.

(૮) પોતાના દોરનાર તરીકે તેઓ શાસ્ત્રને લે છે.

"થેસ્સાલોનીકાના લોક કરતાં એઓ [બેરીઆના લોક] અધિક ગુણવાન હતા. કેમકે એઓ મનની પુરી આતુરતાથી વાતનો અંગીકાર કરીને એ વાતો એમજ છે કે નહિ, એ વિષે નિત્ય ધર્મ લેખો તપાસતા હતા." પ્રેરિત

૧૭ : ૧૧. " બાળપણથી પવિત્ર શાસ્ત્ર તું જાણે છે, તે ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી તારણને સારૂ તને જ્ઞાન આપી શકે છે. " ૨ તિમોથી ૩ : ૧૫–૧૭. વળી ગીત શાસ્ત્ર ૧૧૯ : ૯૭–૧૦૫ વાંચો.

(૯) તેઓ દેવ પર પ્રીતિ કરે છે.

" પ્રભુ જે તારો દેવ, તેપર તું તારા આખા હૃદયથી, ને તારા આખા જીવથી ને તારા આખા મનથી પ્રીતિ કર. " માત્થી ૨૨ : ૩૭.

(૧૦) તેઓ પોતાના પાડોશી પર પ્રીતિ કરે છે.

"જેવી પોતા પર તેવી પોતાના પાડોશી પર તું પ્રીતિ કર." માત્થી ૨૨ : ૩૯. "જો એક બીજા પર તમે પ્રેમ રાખો તો તેથી સર્વે માણસો જાણશે કે, તમે મારા શિષ્ય છો." યોહાન ૧૩ : ૩૫. " જે કોઈ કહે છે કે, હું દેવ પર પ્રીતિ કરૂં છું, પણ પોતાના ભાઈ પર દ્વેષ કરે છે, તો તે જુઠો છે,...એ આજ્ઞા તેનાથી આપણને છે કે જે દેવ પર પ્રીતિ કરે છે, તેણે પોતાના ભાઈ ઉપર પણ પ્રીતિ કરવી." ૧ યોહાન ૪ : ૨૦, ૨૨. " જે પોતાના ભાઇ પર પ્રેમ કરે છે, તે અજવાળામાં રહે છે, ને તેનામાં ઠોકરનું કારણ નથી. " ૧ યોહાન ૨ : ૧૦.

(૧૧) તેઓ ખ્રીસ્તના રાજ્ય તથા સુવાર્ત્તા પ્રસારવાનો પ્રયત્ન કરે છે.

" તમે જઇને સર્વે દેશનાઓને શિષ્ય કરો, બાપ તથા દિકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. મેં તમને જે જે આજ્ઞા કીધી તે સર્વે પાળવાનું તેઓને શિખવતા જાઓ." માત્થી ૨૮ : ૧૯, ૨૦. " તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઇને આખી સૃષ્ટિને સુવાર્ત્તા પ્રગટ કરો. " માર્ક ૧૬ : ૧૫. " યરૂશા-

લેમથી માંડીને સઘળી પ્રજાઓને તેના નામમાં પસ્તાવો તથા પાપ નિવારણ પ્રગટ કરવાં જોઇએ, એ વાતના સાક્ષીઓ તમે છો." લુક ૨૪ : ૪૭, ૪૮. "ત્યારે ઇસુએ ફરી તેઓને કહ્યું કે, તમને શાંતિ થાઓ, જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું પણ તમને મોકલું છું." યોહાન ૨૦ : ૨૧. "પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો, ને યરૂશાલેમમાં તથા આખા યહુદામાં તથા સમરૂનમાં તથા પૃથ્વિના છેડા સુધી તમે મારા સાક્ષી થશો." પ્રેરિત. ૧ : ૮.

જેઓમાં આ નિશાનીઓ છે તેઓ ગમે તે મંડળીના હોય તો પણ તેઓ ખરા ખ્રીસ્તીઓ છે, એમ અમે માનીએ છીએ. ખ્રીસ્ત તથા તેના પ્રેરિતોથી શિખાડાએલી ખ્રીસ્તની નિશાનીઓ જે માણસોમાં ન હોય, તે ગમે તે મંડળીની શાખાનો હોય, તો પણ તેઓ ખરા ખ્રીસ્તીઓ નથી. અમે માનીએ છીએ કે આ વાત શાસ્ત્ર પ્રમાણે છે.

ઇસુના વિશ્વાસુ અનુયાયીઓની જમાત જેમાં દેવની વાત પ્રગટ કરાય છે, અને જે બે સંસ્કારો શાસ્ત્રમાં ઠરાવેલા છે તે, એટલે બાપ્તિસ્મા અને પ્રભુ ભોજન, ખ્રીસ્તથી ઠરાવ્યા પ્રમાણે પાળવામાં આવે છે, તે ખરી મંડળી છે. "એ માટે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ, તથા દિકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ." માત્થી ૨૮ : ૧૯. "જે વિશ્વાસ કરે છે તથા બાપ્તિસ્મા લે છે તે તારણ પામશે." માર્ક ૧૬ : ૧૬. "ત્યારે પીતરે તેઓને કહ્યું કે, પસ્તાવો કરો, ઇસુ ખ્રીસ્તને નામે તમારામાંનો પ્રત્યેક બાપ્તિસ્મા પામો, કે તમારા પાપનું નિવારણ થાય." પ્રેરિત ૨ : ૩૮, ઇત્યા. "અને તેઓ ભોજન કરતા હતા ત્યારે ઇસુએ રોટલી લઇને તથા આશિર્વાદ માગીને

ભાંગી, ને શિષ્યોને આપીને કહ્યું કે, લો, ખાઓ, એ મારૂ શરીર છે. અને તેણે વાટકો લઇને તથા સ્તુતિ કરીને તેઓને આપતાં કહ્યું કે તમે સહુ એમાંનું પીઓ; કેમકે એ નવા કરારનું મારૂ લોહી છે, જે પાપોને માફીને અર્થે ઘણાઓને સારૂ વહેવડાવવામાં આવે છે." માત્થી ૨૬. ૨૬–૨૮. વળી માર્ક ૧૪:૨૪–૨૬; લુક ૨૨ : ૧૭, ૨૦; ૧ કરીંથી. ૧૧ : ૨૩–૨૮. [જુઓ ૨જો ભાગ, ૪થો અધ્યાય.]

અધ્યાય ૬ ઠ્ઠો.

ખ્રીસ્તની મંડળીના ખરા પાદરીઓ કોણ છે?

આ સવાલનો જવાબ એ છે કે, જેઓ પ્રેરિતો જેવું કરે છે તેઓ પ્રેરિતોના વારસ છે. જેમ પ્રેરિતો ખ્રીસ્ત પાછળ ચાલતા હતા, તેમ જે પાદરીઓ પ્રેરિતોના મત તથા રીતોમાં ચાલે છે, તેઓ પ્રેરિતોના વારસો છે, અને ખરા પાદરીઓ છે, પછી તે ગમે તે મંડળીની શાખાના હોય. આ બાબતમાં કોઇ ખાસ મંડળી અથવા પંથને હક મળેલોજ નથી.

શાસ્ત્ર વાંચવાથી આપણને માલુમ પડે છે કે, ઇસુ ખ્રીસ્તના ખરા સેવક, આ સેવામાં દેવથી તેડાએલા છે. " અમારૂં સામર્થ્ય દેવથી છે; તેણે પણ અમને નવા કરારના, એટલે અક્ષરના નહિ પણ આત્માના, યોગ્ય સેવકો કર્યા. " ૨ કરીંથી. ૩ : ૫, ૬. "અને સર્વ દેવથી છે, જેણે પોતાની સાથે ઇસુ ખ્રીસ્તની માર્ફતે આપણો મિલાપ કરાવ્યો છે; ને તે મિલાપની સેવા અમને આપી છે. " ૨ કરીંથી. ૫ : ૧૮. " દેવના સામર્થ્યના પરાક્રમે કરીને, તેની કૃપાનું દાન જે મને અપાએલું હતું તે પ્રમાણે હું આ

સુવાર્ત્તાનો સેવક થએલો છું." એફેસી. ૩ : ૭. " સ્તુતિ-વાન દેવના મહિમાની સુવાર્ત્તા જે મને સોંપાએલી તે પ્ર-માણે છે; અને મને સામર્થ્ય આપનાર આપણા પ્રભુ ખ્રીસ્ત ઇસુનો ઉપકાર હું માનુ છું, કેમકે તેણે મને વિશ્વાસુ ગણીને સેવામાં રાખ્યો." ૧તીમોથી ૧ : ૧૧, ૧૨. "એને સારૂ હું હલકારો તથા પ્રેરિત (હું સાચુ બોલુ છું, જુઠ્ઠું બોલ-તો નથી), ને વિશ્વાસમાં તથા સત્યમાં વિદેશીઓને શિખ-વનાર ઠરાવાયો છું." ૧ તીમોથી ૨ : ૭. " તેણે [દેવ] આપણને તાર્યા તથા પવિત્ર તેડાથી આપણને તેડયા." ૨ તીમોથી ૧ : ૯.

ખ્રીસ્તના ખરા સેવકના વર્ણન વિષે, તેની ચાલચલણ કેવી હોવી જોઇએ, અને તેની ફરજો કઇ કઈ છે, એ વિષે જુવાન પાદરી તીમોથીને લખેલા પાઉલના બે પત્રો વાંચવા અમે ભલામણ કરીએ છીએ, અને ખાસ કરી આ કલમોઃ— ૧ તીમોથી ૧ : ૧૮, ૧૯; ૩ : ૧–૧૩; ૪ : ૬–૮, ૧૨–૧૬; ૫ : ૧૭–૨૨; ૬ : ૧૧, ૧૨; ૨ તીમોથી ૨ : ૧૫, ૧૬, ૨૦–૨૬; ૩ : ૧૬, ૧૭; ૪ : ૧, ૨. વળી ૨ કરીંથી. ૪ : ૧, ૨; અને તીતસ ૧ : ૫–૯.

અધ્યાય ૭ મો.

બીજી પણ કેટલીએક બાબતો છે, કે જે વિષે આ-પણે શાસ્ત્રમાં તપાસ કરીએ.

મધ્યસ્થ તરીકે, ખ્રીસ્તને બદલે, માનવને રાખે છે, એટલે ધન્ય કુંવારી મરિયમ; અને તે "દેવની મા" તથા "સ્વર્ગની રાણી" કહેવાયલી છે. ઇ. સ. ૧૮૫૪ માં એમ પ્રગટ કરવામાં આવ્યું કે, તે પાપ વગર (નિષ્કલંક)

જન્મેલી હતી. વળી તેનું "અસમ્પશન" પણ પ્રગટ કરેલું છે, એટલે કે મુએલામાંથી ઉઠડાઈ અને સ્વર્ગમાં લઇ જવામાં આવી. વળી એમ પણ પ્રગટ કરાયું કે ફક્ત તેની માર્ફતેજ ઇસુની પાસે જઇ શકાય.

આ બધી વાત શાસ્ત્રની વિરૂદ્ધ છે. શાસ્ત્ર શું કહે છે?

આપણે વાંચીએ છીએ કે જ્યારે તેની મા તથા તેના ભાઈઓ ઇસુને શોધતા હતા, ત્યારે તેણે કહ્યું કે, "મારી મા તથા મારા ભાઇઓ કોણ છે?" અને જેઓ તેની આસપાસ બેઠા હતા તેઓ ભણી ચોતરફ જોઇને તેણે કહ્યું કે "જુઓ, મારી મા તથા મારા ભાઇઓ. કેમકે જે કોઇ દેવની ઇચ્છા પ્રમાણે કરશે તે મારો ભાઇ તથા મારી બહેન તથા મા છે." માર્ક ૩:૧૧–૩૫. આથી તે એમ શિખાડતો હતો કે હવે પછી તે દેહ પ્રમાણે કંઈ સગપણ રાખતો નહોતો. અને ખરેખર તેની માને તે કંઈ ખાસ માન આપતો નહિ. વધસ્થંભ પાસે, તેણીના પરનો પ્રેમ દેખાડયો, છતાં સ્પષ્ટ રીતે દેખાડયું કે, દિકરાની સગાઇ તેના મરણ વખતે બંધ થઈ. "ઇસુએ જ્યારે પોતાની માને તથા જેના પર પોતે પ્રેમ કરતો હતો તે શિષ્યને પાસે ઉભાં રહેલાં જોયાં, ત્યારે તે પોતાની માને કહે છે કે, બાઇ, જો, તારો દિકરો! ત્યાર પછી તે, તે શિષ્યને કહે છે કે, જો, તારી મા! અને તેજ ઘડીથી તે શિષ્યે તેને પોતાના ઘરમાં લીધી." યોહાન ૧૯:૨૬, ૨૭.

આ ધ્યાનમાં રાખવા જોગ છે કે, શાસ્ત્રમાં કેટલી થોડીવાર મરિયમ વિષે લખવામાં આવે છે. ખ્રીસ્તના બાળપણ પછી ફક્ત ચાર વખતઃ (૧) ગાલીલના કાનામાં, યોહાન ૨:૧–૧૨; (૨) જ્યારે તે તેને શોધતી હતી,

માર્ક ૩ : ૩૧; (૩) વધસ્થંભ પાસે, યોહાન ૧૯ : ૨૫: અને (૪) પચાસમા દિવસે, જ્યારે ૧૨૦ શિષ્યની ટોળીમાં તે હાજર હતી; પણ ત્યારે કંઈ માન અથવા ખાસ જગ્યા તેને આપવામાં આવી નહોતી. પ્રેરિત. ૧ : ૧૪.

શાસ્ત્રની કોઈ પણ જગ્યામાં તે "દેવની મા" અથવા "સ્વર્ગની રાણી" કહેવામાં આવતીજ નથી. એથી ઉલટું, ગલાતી. ૪ : ૪ માં પાઉલ સ્પષ્ટ રીતે તેનું મનુષ્યત્વ શિખાડે છે; તે લખે છે કે, "દેવે પોતાનો દિકરો **બાયડીથી** જન્મેલો, ને નિયમ તળે જન્મેલો, એવો મોકલ્યો."

ત્યારે, દેવની જગ્યાએ એક માનવને ઉંચ પદવી આપીને, તે નિષ્કલંક છે એમ કહેવું, તે કેટલુ ખોટુ ને શાસ્ત્ર વિરુદ્ધ છે; કારણ કે શાસ્ત્રમાં સ્પષ્ટ છે કે એકજ નિષ્કલંક છે, એટલે ખ્રીસ્ત "તેણે કંઇ પાપ કીધું નહિ, ને તેના મ્હોમાં કપટ નહોતું." ૧ પીતર ૨ : ૨૨. અને આ પણ સ્પષ્ટ છે કે, માનવ જાતના બીજા બધાએ પાપ કીધું છે: "કારણ કે **સઘળાએ** પાપ કીધુ છે, ને દેવના મહિમા વિષે સઘળા અધુરા છે." રૂમી. ૩ : ૨૩. "એ માટે, જેમ એક માણસથી પાપ જગતમાં પેઠું, ને પાપથી મરણ, ને એમ **સઘળાં** માણસોમાં મરણનો પ્રસાર થયો, કારણ કે **સઘળાંએ** પાપ કીધુ." રૂમી. ૫ : ૧૨. "પણ પવિત્ર લેખે **બધાંઓને** પાપમાં બંધ કર્યાં, એ માટે કે ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી જે વચન, તે વિશ્વાસ કરનારાઓને અપાય." ગલાતી. ૩ : ૨૨. અને બીજી ઘણી કલમો.

ત્યારે, દેવ પાસે આવવા વિષે ઇસુ શું કહે છે? સાંભળો:—"હું બારણું છું." યોહાન ૧૦ : ૭, ૯. "રસ્તો તથા સત્ય તથા જીવન હું છું; મારા આશરા વિના બાપની

પાસે કોઈ આવતું નથી." યોહાન ૧૪ : ૬."અને જે કંઇ મારે નામે તમે માગશો તે હું કરીશ એ માટે કે બાપ દિકરામાં મહિમાવાન થાય. જો તમે મારે નામે કંઇ મારી પાસે માગશો તો તે હું કરીશ. યોહાન ૧૪ : ૧૩,૧૪. " એ માટે કે તમે મારે નામે જે કંઇ બાપની પાસે માગો તે તમને તે આપે." યોહાન ૧૫ : ૧૬. વળી ઉપદેશમાં પ્રેરિત પીતર હમેશાં સ્પષ્ટ દેખાડતો કે ઇસુ મધ્યસ્થ છે. પાઉલ અને યોહાને પણ એમજ કહ્યું: " કેમકે ખ્રીસ્તે પણ એક વેળા પાપોને સારૂ, એટલે ન્યાયીએ અન્યાયીને બદલે સહ્યું, એ માટે કે આપણને દેવની પાસે પહોંચાડે." ૧ પીતર ૩ : ૧૮. " કેમકે એક દેવ છે ને દેવનો તથા માણસનો એક મધ્યસ્થ પણ છે, એટલે ખ્રીસ્ત ઇસુ પોતે માણસ." ૧ તીમોથી ૨ : ૫. " અને જો કોઇ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે, એટલે ઇસુ ખ્રીસ્ત જે ન્યાયી છે તે." ૧ યોહાન ૨ : ૧. " કેમકે એ તેઓને સારૂ મધ્યસ્થી કરવાને સદા જીવતો રહે છે." હેબ્રી. ૭ : ૨૫. "જે મુઓ, હા, જે મુએલામાંથી પાછો પણ ઉઠ્યો તે ખ્રીસ્ત ઇસુ છે, તે દેવને જમણે હાથે છે, તે આપણે સારૂ મધ્યસ્થી પણ કરે છે." રૂમી. ૮ : ૩૪. " કેમકે ખ્રીસ્ત હાથથી બનાવેલાં પવિત્ર ઠેકાણાં જે ખરાનો નમુનો છે તેમાં ગયો નથી, પણ આકાશમાંજ ગયો, એ માટે કે હમણાં આપણે સારૂ દેવની આગળ તે હાજર થાય" હેબ્રી. ૯ : ૨૪.

દેવ અને માણસ વચ્ચેના મધ્યસ્થ તરીકે મરિયમ છે એવું કોઇ પણ જગ્યાએ કહેવામાં આવતુંજ નથી.

અધ્યાય ૮ મો.

પ્રભુ ભોજનમાં જ્યારે પાદરી વસ્તુઓ (એટલે રોટલી તથા દ્રાક્ષરસ) પવિત્ર કરે છે, ત્યારે રોટલી તથા દ્રાક્ષરસ ઇસુ ખ્રીસ્તનું ખરૂં માંસ અને લોહી થઇ જાય છે, અને આ સભા, જે "માસ" કહેવાય છે, તેમાં પાદરી ખ્રીસ્તને ખરેખર બળીદાન તરીકે અર્પણ કરે છે.

એમ રૂમી મંડળી કહે છે. અને એ કારણને લીધે તે મંડળીના પાદરીઓ પ્રીસ્ટો, એટલે યાજકો, કહેવાય છે. આ "માસ" નો મત ઇ. સ. ૧૫૬૨ માં વિશ્વાસના સિદ્ધાંત તરીકે પ્રગટ કરવામાં આવ્યો.

શાસ્ત્ર બતાવે છે કે, ખ્રીસ્ત પોતેજ એકલો યાજક છે, અને તેણે **એકજવાર** પોતાનું અર્પણ કીધું, માટે વારે વારે અર્પણ કરી શકાય નહિ. "તો દેવનો પુત્ર ઇસુ જે આકાશમાં પાર ગએલો છે, એવો મોટો પ્રમુખ્ય યાજક આપણને છે." હેબ્રી ૪ : ૧૪. "તો એવો પ્રમુખ્ય યાજક આપણને શોભતો હતો, કે જે પવિત્ર, નિર્દોષ, નિષ્કલંક, પાપીઓથી અલગ, ને આકાશ કરતાં વધતો ઉંચો થએલો છે." હેબ્રી. ૭ : ૨૬. પોતાથી બનેલા અને કહેવાયલા ખ્રીસ્તી યાજકોથી તે કેટલો જુદો છે? "પ્રમુખ્ય યાજકો [ઇસ્રાએલી]ની પેઠે પહેલાં પોતાનાં પાપોને સારૂ ને પછી લોકોને સારૂ નિત્ય યજ્ઞ કરવાની તેને અગત્ય નથી, કેમકે તેણે પોતે અર્પણ થયાથી, એ કામ **એકજવાર** કીધું" હેબ્રી. ૭ : ૨૭. "કેમકે ખ્રીસ્ત હાથથી બનાવેલાં પવિત્ર ઠેકાણાં જે ખરાનો નમુનો છે તેમાં ગયો નથી, પણ આકાશમાંજ ગયો; એ માટે કે હમણાં આપણે સારૂ દેવની

આગળ તે હાજર થાય. અને જેમ આગળ પ્રમુખ્ય યાજક બીજાનું લોહી લઇને પરમ પવિત્ર સ્થાને હર વર્ષે પેસતો, તેમ એ વારે વારે પોતાનું અર્પણ કરે નહિ; કેમકે જો એમ હોત તો જગતના મંડાણથી ઘણીવાર તેને સહેવાની અગત્ય પડત; પણ હવે છેલ્લા કાળમાં તે એકવાર પ્રગટ થયો, કે પોતાના યજ્ઞથી પાપને ટાળે......ખ્રીસ્ત ઘણાઓના પાપ માથે લેવા સારૂ એકવાર અર્પણ થયો." હેબ્રી. ૯ : ૨૪–૨૮. "તે ઇચ્છાએ ઇસુ ખ્રીસ્તનું શરીર એકજ વાર અર્પણ થયાથી આપણે પવિત્ર કરાએલા છીએ; અને હરેક યાજક નિત્ય સેવા કરતાં તથા એ ને એજ યજ્ઞો બહુ વાર કરતાં ઉભો રહે છે, જે યજ્ઞો પાપો કાઢવાને કદી પણ સમર્થ નથી. પણ એ, પાપોને કાજે એક યજ્ઞ સદાકાળને સારૂ કરીને, દેવની જમણી ગમ બેઠેલો છે; ને હવે પછી તેના વેરીઓ તેના પગનું પાયાસન કરાય ત્યાં સુધી તે વાટ જુએ છે. કેમકે જેઓ પવિત્ર કરાય છે તેઓને તેણે એક અર્પણથી સદા પરિપૂર્ણ કીધા છે." હેબ્રી. ૧૦ : ૧૦–૧૪. "કેમકે ખ્રીસ્તે પણ એક વેળા પાપોને સારૂ, એટલે ન્યાયીએ અન્યાયીઓને બદલે સહ્યું, એ માટે કે આપણને દેવની પાસે તે પહોંચાડે." ૧ પીતર ૩ : ૧૮.

પ્રભુ ભોજન યજ્ઞજ નથી, અને શાસ્ત્રમાં તેને કદી યજ્ઞ કહેલું નથી. પાસ્ખા યજ્ઞ જેવી આ યાદગીરીની સેવા છે. ખ્રીસ્તે કહ્યું કે, "મારી યાદગીરીમાં આ કરો." લુક ૨૨ : ૧૯; એટલે તેના મુલ્યવાન મરણની યાદગીરીમાં, તથા તે ફરી આવશે તેના વિશ્વાસની નિશાની તરીકે: "જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, ને આ વાટકો પીઓ છો, તેટલી વાર તમે પ્રભુના આવ્યા સુધી તેનું મરણ દેખાડો છો." ૧ કરીંથી. ૧૧ : ૨૬.

જેટલી વખત પ્રભુ ભોજન પાળવામાં આવે, તેટલી વખત જો ખ્રીસ્તનું ખરેખરૂ માંસ તથા લોહી હાજર હોય અને પછી યજ્ઞ કરવામાં આવે તો યાદગીરીની શી અગત્ય છે? વળી, ખ્રીસ્તનું ઉઠાડેલું શરીર અવિનાશી છેઃ "કેમકે આપણે જાણીએ છીએ કે, ખ્રીસ્ત મુએલામાંથી ઉઠડાયા પછી ફરી મરતો નથી." રૂમી. ૬ : ૯, ૧૦. પણ જો "માસ"માં વપરાતી ચીજો રાખી મુકવામાં આવે તો તેઓ બગડી જાય છે; તો પછી તે પ્રભુનુ ખરૂ શરીર કેમ કરીને હોઇ શકે?

જયારે ખ્રીસ્તે એ કહ્યું કે "એ મારૂ શરીર છે" અને "મારૂ લોહી છે"–માત્થી ૨૬ : ૨૬–૨૮, અને બીજી કલમો—ત્યારે તેનો એજ અર્થ હતો કે, એ વસ્તુઓ તેના લોહી તથા શરીરની નિશાની રૂપ હતી. આત્મિક વાતો શિખાડવા માટે તે વારે વારે લાક્ષણીક ભાષા વાપરતો હતો; જેમકે, "જીવનની રોટલી હું છું," યોહાન ૬ : ૩૫; "હું બારણું છું," યોહાન ૧૦ : ૯; "રસ્તો હું છું," યોહાન ૧૪ : ૬; "હું તો દ્રાક્ષવેલો છું," યોહાન ૧૫ : ૫; ઇ. એમ નહિ કે તે બારણું, અથવા રસ્તો, અથવા દ્રાક્ષવેલો, અથવા રોટલી હતો. પણ આ તો તેના સંબંધ તથા કામની નિશાનીઓ હતી. યાદ રાખો કે ૧ કરીંથી. ૧૧: ૨૬ માં પાઉલ કહે છે કે, "જેટલી વાર તમે આ **રોટલી** ખાઓ છો, ને આ **વાટકો** પીઓ છો"—માંસ તથા લોહી એમ નહિ. ખ્રીસ્તની વાત સાંભળોઃ "ઇસુએ તેઓને કહ્યું કે, જીવનની રોટલી હું છું; **જે મારી પાસે આવે છે** તેને ભૂખ નહિજ લાગશે, ને **જે મારા પર વિશ્વાસ કરે છે,** તેને કદી તરસ નહિજ લાગશે." યોહાન ૬ : ૩૫. વળી તેજ અધ્યાયની ૫૪ મી કલમઃ "જે કોઇ **મારૂ માંસ**

ખાય છે, ને મારૂં લોહી પીએ છે, તેને અનંત જીવન છે." આ શાસ્ત્રના બીજા ભાગ સાથે સરખાવતાં બતાવે છે કે, ખ્રીસ્તનું માંસ ખાવું અને તેનું લોહી પીવું, તથા તેની પાસે આવવું અને તે પર વિશ્વાસ કરવો, એ એકજ અને સરખીજ વાત છે. અને તેથી આ બે મોટી વાતો શિખાડવામાં આવે છે, એટલે, તેનો અંગીકાર કરવાથી, અને તેના પર વિશ્વાસ કરવાથી, અનંત જીવન છે.

હવે જો એમ હોય કે, ખ્રીસ્તનું ખરેખર માંસ ખાવું અને તેનું લોહી પીવુ જોઇએ, અને કે તેમ કર્યા વગર તારણ નથી, તો પછી તે મંડળીના પાદરીઓ સિવાય કોઇને માટે તારણ નથી; કારણ કે ઇ. સ. ૧૪૧૫ માં પ્રગટ કીધેલાં સિદ્ધાંતથી મંડળીના સભાસદોને વાટકો, એટલે દ્રાક્ષરસ, આપવામાં આવતો નથી. પણ ખ્રીસ્તથી સ્થાપિત કરાએલી ક્રિયામાં બન્ને વસ્તુઓ બધાને માટે છે.

અલબત, જો યજ્ઞો હોય, તો અર્પણ કરવાને યાજકો પણ હોવા જોઇએ. શાસ્ત્ર શું શિખાડે છે ? આ તો સ્પષ્ટ છે કે, અમારા પ્રભુ અને તારનાર ઇસુ ખ્રીસ્તે પોતે છેલ્લું અને મોટું યજ્ઞ કીધું, કે જેની નિશાનીઓ તરીકેજ યહુદીઓનાં યજ્ઞો હતાં. અને ઐતિહાસીક વાત એવી છે કે જ્યારે યરૂશાલેમ શહેરનો નાશ થયો ત્યારે મંદિરનો પણ નાશ થયો; અને તેજ વેળાએ યહુદી યજ્ઞ પદ્ધતિ તથા પદવીનો પણ અંત આવ્યો; અને ત્યાર પછી કદી એકે યહુદી યજ્ઞાર્પણ કરવામાં આવ્યુંજ નથી. ખ્રીસ્તી મંડળી તો યહુદી મંડળીની સંપૂર્ણતા છે; અને આકાશમાં પેઠેલા આપણા મોટા પ્રમુખ્ય યાજકથી છેલ્લું યજ્ઞ કરવામાં આવ્યું, માટે વધારે યજ્ઞ અથવા યાજકની કોઇ ખાસ જાતની અગત્યજ નથી.

જો તારણને માટે યાજકોની અગત્ય હોત, તો દેવ તે સ્પષ્ટ રીતે કહેત. હવે યાદ રાખો કેઃ—

(क) યાજક, (ગ્રીક ભાષામાં "હાઇરૂઅસ"— hiereus), આ શબ્દ નવા કરારમાં ખ્રીસ્તી પાદરીઓને માટે કદી વાપરવામાં આવતો નથી. તેઓને માટે બીજાં દશ નામો વાપરવામાં આવે છે, એટલે, પ્રેરિતો, ભવિષ્યવાદીઓ, સુવાર્ત્તિકો, પાળકો, ઉપદેશકો (એફેસી. ૪ : ૧૧, ૧૨), સેવકો [ડીકનો], કારભારીઓ (૧ કરીંથી. ૪ : ૧), અધ્યક્ષો [બિશપો] (૧ તીમોથી ૩ : ૧૧), વડીલો [એલ્ડરો અથવા પ્રેસ્બીટરો] (૧ પીતર ૫ : ૧), તથા સહાયકારીઓ (ફિલિપી. ૧ : ૧). એકેવાર યાજક આ શબ્દ આવતો નથી. પીતર પોતાને વડીલ (ગ્રીકમાં "પ્રેસ્બૂટરોસ"—presbuteros, પ્રેસ્બીટર અથવા એલ્ડર) કહે છે, પણ યાજક (હાઇરૂઅસ) નહિ.

(ख) યાજક (હાઇરૂઅસ) આ શબ્દ યહુદી તથા વિધર્મી યજ્ઞ કરનાર યાજકો વિષે વાપરવામાં આવે છે; પણ ખ્રીસ્તી પાદરીઓ વિષે કદી વાપરવામાં આવતો નથી. જુઓ પ્રેરિત. ૪ : ૧; ૬ : ૭; ૧૪ : ૧૩; અને નવા કરારની બીજી ઘણી જગ્યાએ.

(ग) આ શબ્દ (યાજક) ખ્રીસ્ત વિષે ઘણીવાર વાપરવામાં આવે છે, જેમકે, હેબ્રીઓ. ૨ : ૧૭; ૩ : ૧; ૪ : ૧૪, ૧૫; ૭ : ૨૪, ૨૬; ૮ : ૧; ૯ : ૧૧. આ શબ્દ મેલ્ખીસેદેક વિષે પણ વપરાય છે; જેમકે, હેબ્રીઓ. ૫ : ૬, ૧૦; ૭ : ૧; ઈત્યા.

(घ) જ્યારે આ શબ્દ (યાજક) ખ્રીસ્તીઓ વિષે વપરાય છે, ત્યારે કોઇ ખાસ વર્ગ માટે નહિ, પણ બધા ખ્રીસ્તીઓ

માટે; અને એમ શિખાડે છે કે, સઘળા વિશ્વાસીઓ આત્મિક યજ્ઞાર્પણ કરવાને એક આત્મિક યાજકવર્ગ છે. પોતાના પહેલા પત્રમાં આસીઆના ખ્રીસ્તીઓને પીતરે લખ્યું કે, "તમે તો પસંદ કીધેલો વંશ, રાજમાન્ય યાજકવર્ગ," ૧ પીતર ૨ : ૯. અને યોહાને લખ્યું કે, "જેણે આપણાપર પ્રેમ કીધો, ને પોતાના લોહી વડે આપણને આપણાં પાપથી છોડાવ્યા; ને દેવ એટલે પોતાના બાપને સારૂ આપણને રાજાઓ તથા યાજકો કીધા." પ્રગટીકરણ ૧ : ૫, ૬. જેમ અમે દેખાડી ગયા તેમ ખ્રીસ્ત છેલ્લો યાજક હતો, અને તેણે પાપોને માટે છેલ્લું યજ્ઞાર્પણ કીધું; અને હાલ તેના બધા અનુયાયીઓ એક નવો યાજકવર્ગ છે. અને જે યજ્ઞ આપણે ચડાવવાનું છે તે એવું છે કે, "દેવને સ્તુતિરૂપ યજ્ઞ, એટલે તેના નામને માન્ય કરનારા હોઠોના ફળનું અર્પણ નિત્યુક ચડાવવું." હેબ્રી. ૧૩ : ૧૫. સઘળા ખ્રીસ્તીઓ વિષે પીતર પણ કહે છે કે, "તમે પણ આત્મિક ઘર તથા પવિત્ર યાજકો થવા સારૂ જીવતા પત્થરોના જેવા રચાયા છો; એ માટે કે, જે આત્મિક યજ્ઞો ઇસુ ખ્રીસ્તને આસરે દેવને પ્રસન્ન છે તેમનું અર્પણ તમે કરો." ૧ પીતર ૨ : ૫. અને પાઉલે પણ લખ્યું કે, "તમે પોતાના શરીરોનું જીવતું, પવિત્ર, તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો; એ તમારી બુદ્ધિસંપન્ન સેવા છે." રૂમી. ૧૨ : ૧.

અધ્યાય ૯ મો.

મૂર્ત્તિઓની, અમુક મુએલાં માણસો જે સંતો કહેવાય છે તેઓની ભક્તિ; તથા તેઓની મધ્યસ્થી માટે મુએલાંઓની પ્રાર્થનાઓ શિખાડવામાં આવે છે; તથા એમ કરવાને ઉત્તેજન પણ આપવામાં આવે છે.

આ મૂર્ત્તિઓમાં મરિયમ તથા પ્રેરિતો છે, વધસ્થંભવાળી ખ્રીસ્તની મૂર્ત્તિ, છબીઓ, જે પર ઇસુ મુઓ તે વધસ્થંભના કલ્પિત લાકડાંના ટુકડા અને ખીલા છે. એવી જાતની મૂર્ત્તિ રાખવાનો અધિકાર ઇ. સ. ૧૫૬૩ માં આપવામાં આવ્યો.

દેવના હુકમોમાંની બીજી આજ્ઞા કે, જે, આમ કરવાથી વારંવાર તુટે છે, તેની વિરૂદ્ધ આ બધું છે. સાંભળોઃ— " તું પોતાને સારૂ કોઇ કોરેલી મૂર્ત્તિ ન કર, ઉપર આકાશમાંની કે નિચે ભૂમિમાંની, કે ભૂમિની તળેના પાણીમાંની કોઈ પણ ચીજની પ્રતિમા ન કર; તું તેઓની આગળ ન નમ ને તેઓની સેવા ન કર. " નિર્ગમન ૨૦ : ૫, ૬. આપણે યાદ રાખવું જોઇએ કે, મુસાએ બનાવેલો પિત્તળનો સર્પ, યહુદી લોકે દેવની દયાની યાદગીરી અર્થે રાખી મુકયો હતો; પણ જ્યારે લોકોએ તેની ભક્તિ કરી ત્યારે હિઝકીયાહ રાજાએ તેના ટુકડા કરી નાંખ્યા, અને તેનું નામ " નહુશતાન " પાડયું, એટલે "પિત્તળનો ટુકડો." ગણના. ૨૧ : ૧–૯; અને ૨ રાજા ૧૮ : ૪.

અધ્યાય ૧૦ મો.

એમ કહેવામાં આવે છે કે, કેટલી એક મંડળીના પાદરીને એવો અધિકાર છે કે, જો લોકો તેની આગળ પોતાનાં પાપ કબુલ કરે, તો તે તેઓને માફ કરે.

ઇ. સ. ૧૪૧૫ ના ઠરાવેલા મત પ્રમાણે રૂમી મંડળી તરફથી એવી ફરજ પાડવામાં આવેલી છે કે, દર વરસે ઓછામાં ઓછાં એક વાર પાદરી આગળ તેના સભાસદોએ પોતાનાં બધાં પાપની કબૂલાત કરવી.

શાસ્ત્ર સ્પષ્ટ રીતે શિખાડે છે કે, ફક્ત જે ન્યાયી છે (એટલે ખ્રીસ્ત) તેજ અન્યાયીઓનાં પાપની માફી આપી શકે. પાદરીઓ પણ પાપી માણસો છે, (એમ પીતરે કબુલ કીધું: "ઓ પ્રભુ, મારી પાસેથી જા, કારણ કે હું પાપી માણસ છું." લુક ૫:૮), અને તેઓને પોતાને માફીની જરૂર છે. આપણે વાંચીએ છીએ કે, રૂમનો પોપ પોતે એક પાદરી આગળ કબુલ કરે છે, આથી તે એમ શાહેદી આપે છે કે તેને પોતાને કબૂલાત સાંભળનારની જરૂર છે. ખરી વાત છે કે શાસ્ત્રમાં એક જગ્યાએ કહેલું છે કે, "પોતાનાં પાપ એક બીજાની પાસે કબુલ કરો." યાકુબ ૫:૧૬. પણ એમ નથી કહ્યું કે, પાદરીની આગળ; પણ સઘળા ખ્રીસ્તીઓને સામાન્ય લખતાં કહે છે કે, "એક બીજાની પાસે." અને તેઓના મતથી આ વાત તદન જુદી છે. વળી જુઓ, આ પ્રમાણે કરવાનું કારણ યાકુબ કહે છે તેમ "તમે નિરોગી કરાઓ" એજ હતું.

પણ જે કબૂલાત સાંભળનારની જરૂર આપણને છે તે માણસ નથી, પણ માણસનો દિકરો તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્તઃ

"માણુસના દીકરાને પૃથ્વિપર પાપોની માફી કરવાનો અધિકાર છે." માત્થી ૯:૬. "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવા, તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે." ૧ યોહાન ૧:૯. પ્રેરિતો એવો અધિકાર વાપરતા હતા તે કોઈ જગ્યાએ દેખાડવામાં આવતુંજ નથી. પચાસમાના દીવસે જ્યારે લોકોએ કહ્યું કે, "અમે શું કરીએ?" ત્યારે પીતરે એમ કહ્યું નથી કે, "મારી આગળ કબુલ કરો, અને હું તમારાં પાપ માફ કરીશ;" પણ "પસ્તાવો કરો ને ઇસુ ખ્રીસ્તને નામે તમારામાંનો પ્રત્યેક બાપ્તિસ્મા પામો, કે તમારા પાપનું નિવારણ થાય; ને તમને પવિત્ર આત્માનું દાન મળશે." પ્રેરિતો. ૨:૩૭-૪૧. બીજી વખતે તેણે કહ્યું કે, "પસ્તાવો કરો ને ફરો, એ સારૂ કે તમારાં પાપ ભુસી નંખાય," પ્રેરિતો. ૩ : ૧૯. વળી "જેઓ એનાથી દેવની પાસે આવે છે, તેઓને પુરા તારવાને એ સમર્થ છે: કેમકે એ તેઓને સારૂં મધ્યસ્થી કરવાને સદા જીવતો રહે છે," હેબ્રી. ૭: ૨૫. વળી વાંચો હેબ્રી. ૯ : ૨૪-૨૮; અને ૧ પીતર ૧. પ્રેરિતોએ નથી કહ્યું કે, "મંડળી સાથે જોડાઓ, અને તારણ પામો;" અથવા "મંડળીને તાબે થાઓ, અને તમે તારણ પામશો." પણ એમ કહ્યું છે કે "પ્રભુ ઇસુ પર વિશ્વાસ કર, એટલે તું તારા ઘરનાં સુદ્ધાં તારણ પામશે." પ્રેરિ. ૧૬ : ૩૧. પોપ બોનાફેસ ૮મો કે જેણે કહ્યું કે, "દરેક માણસે રોમના પોપને તાબે થવું એ કામ તારણ પામવા માટે અગત્યનું છે," એ શિક્ષણથી ઉપરની વાત કેટલી જુદી છે.

જે વાતો પર લાચાર પાપીઓ ધ્યાન લગાડે, તેઓમાં પાપની માફી સહુ કરતાં ભારે તથા અગત્યની વાત છે.

આપણે જાણીએ છીએ કે આપણે પાપી છીએ, અને કે "સઘળાએ પાપ કીધું છે, ને દેવના મહિમા વિષે સઘળા અધુરા રહે છે." રૂમી. ૩ : ૨૩; ૫ : ૧૨. આપણુ સર્વે દેવની પવિત્ર આજ્ઞા તોડી છે, અને તે માટે મરણુ દંડમાં પડ્યા છીએ. વાંચો રૂમી. ૨. તો આપણે કેવી રીતે પાપની માફી મેળવી શકીએ ? આ મોટી વાત છે, કારણુ કે આપણે નાસી પાસ થએલા છીએ, અને દેવની આજ્ઞા પાળવાનું બળ આપણામાં નથી. માટે, જો આપણે સનાતન શિક્ષાથી બચવું હોય તો કોઇએ આપણી મદદ માટે આવવું જોઇએ. પણુ દેવને ધન્ય હોજો કે, આપણુ પાપીઓ પર મોટો પ્રેમ કરીને, તેણે એક રસ્તો ઉઘાડયો, કે જેથી ન્યાયના હકો જાળવી રખાય, અને માફી આપવામાં, એટલે પાપનો ઉપાય કરવામાં, તે પોતાનો પ્રેમ દેખાડી શકે. અને આ તો તેના વ્હાલા દિકરાની માર્ફતે થયું, કે જેણે આપણું રૂપ લીધું, પૃથ્વીપર આવ્યો, બાપનો પ્રેમ દેખાડયો, અને "પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં" (૧ પીતર ૨:૨૪), અને આપણા પાપનો દંડ વેઠયો; ને એવી રીતે ન્યાયના હકો જાળવી રાખતાં જેથી દેવ પાપીઓ પર પોતાની કૃપા રાખે, તેવો રસ્તો ઉઘાડયો.

દેવના નિયમને આધીન થવામાં ખ્રીસ્તે જે કર્યું, અને નિયમ જાળવી રાખતાં જે તેણે વધસ્થંભ પર સહ્યું, તે માફીનો પાયો છે. કારણુ કે આપણે વાંચીએ છીએ કે, "અને સર્વ દેવથી છે, જેણે પોતાની સાથે ઇસુ ખ્રીસ્તની મારફતે આપણો મિલાપ કરાવ્યો...દેવ ખ્રીસ્તમાં પોતાની સાથે જગતનો મિલાપ કરાવતાં તેઓ પર તેઓના અપરાધો ગણુતો નથી...જેણે પાપ જાણ્યું ન હતું, તેને તેણે આપણુને વાસ્તે પાપરૂપ કીધો, એ સારૂ કે આપણે તેનામાં દેવના

ન્યાયીપણારૂપ થઈએ." ૨ કરીંથી. ૫ : ૧૮-૨૧. "તેણે પોતાના દેહથી વેર, એટલે વિધિઓમાંની આજ્ઞાઓનો નિયમ, રદ કીધો, એ સારૂ કે સલાહ કરીને પોતામાં તે બેનું એક નવું માણસ સરજે; અને કે વધસ્થંભે વેરને મારી નાંખીને એમે આસરે તે એક શરીરમાં દેવની સાથે બેઉનો મેળાપ કરાવે." એફેસી. ૨ : ૧૫, ૧૬. "ને પ્રેમમાં ચાલો, જેમ ખ્રીસ્તે પણ આપણા પર પ્રીતિ કીધી, ને દેવની આગળ સુગંધના વાસને અર્થે, આપણે વાસ્તે અર્પણ તથા યજ્ઞ થવાને પોતાને આપ્યો તેમ." એફેસી. ૫ : ૨.

પણ આ માફી મેળવવા માટે પાપીએ અમુક શરતો પાળવી જોઇએ. હું ગુન્હેગાર છું, એમ કબુલ કરવું જોઇએ; તથા પાપનો પસ્તાવો તથા ઇસુ ખ્રીસ્તપર વિશ્વાસ કરવો જોઇએ; અને ત્યારે, ખ્રીસ્તને લીધે, દેવ તેનાં પાપ માફ કરે છે; અને તે વિશ્વાસથી ન્યાયી ઠરાવાએ છે, અને કદી પાપ કીધું ન હોય તેવો તે ન્યાયી ગણાય છે, અને તે દેવના કુટુંબનો થાય છે. ગલાતી. ૩ : ૨૬. "જે વિશ્વાસ કરે છે તથા બાપ્તિસ્મા લે છે તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે તે અપરાધી ઠરશે." માર્ક ૧૬ : ૧૬. "પસ્તાવો કરો, ને ઇસુ ખ્રીસ્તને નામે તમારામાંનો પ્રત્યેક બાપ્તિસ્મા પામો, કે તમારા પાપનું નિવારણ થાય," પ્રેરિત. ૨: ૩૮. "જે વાતો વિષે મુસાના નિયમશાસ્ત્રથી તમે ન્યાયી ઠરી શકયા નહિ, તે સર્વ વિષે હરેક વિશ્વાસ કરનાર તેનાથી ન્યાયી ઠરે છે," પ્રેરિત. ૧૩: ૩૯. "ત્યારે આપણે વિશ્વાસથી ન્યાયી ઠરાવાયેલા છીએ, એ માટે આપણે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે દેવની સાથે સમાધાન પામીએ," રૂમી. ૫ : ૧. "પણ સમયની સંપૂર્ણતા આવી, ત્યારે દેવે પોતાનો દીકરો બાયડીથી જન્મેલો, ને નિયમ તળે જન્મેલો, એવો મોકલ્યો, કે નિયમ તળે જેઓ

હતા, તેઓને તે છોડાવી લે, એ માટે કે આપણે દત્તક-પુત્રપણું પામીએ," ગલાતી. ૪ : ૪, ૫. "જે જન કામ કરનાર નથી, પણ અધર્મિને ન્યાયી ઠરાવનાર પર વિશ્વાસ કરનાર છે, તેનો વિશ્વાસ તેને લેખે ન્યાયીપણાને અર્થે ગ-ણાય છે," રૂમી. ૪ : ૫.

આ દેવનું મોકળુ દાન છે, અને એવી રીતે સ્વિકાર-વાનું પણ છે. તે પૈસાથી ખરીદી શકાય એમ નથી. "દેવનું કૃપાદાન, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આશરે, સર્વકાળનું જીવન છે," રૂમી. ૬ : ૨૩. "તમે કૃપાએ વિશ્વાસને આ-સરે તારણ પામેલા છો, ને એ તમારાથી નથી, દેવનું દાન છે; કરણીઓથી નહિ, રખે કોઈ અભીમાન કરે," એફેસી. ૨ : ૮, ૯. "ત્યારે ન્યાયીપણામાંનાં આપણાં કરેલાં કામોથી નહિ, પણ તેની દયા પ્રમાણે પુનર્જન્મના સ્નાનથી તથા પવિત્ર આત્માથી જે નવીનકરણ તેથી તે આપણને તાર્યા," તીતસ ૩ : ૫.

એવી રીતે સ્પષ્ટ લખેલું છે, તોપણ, લોકો પોતાની મરજી પ્રમાણે, અથવા મંડળીથી કાઢેલી રીત પ્રમાણે, માફી અને શાંતિ શોધી કાઢવાના પ્રયત્ન કરે છે, અને દેવની ઇચ્છા પ્રમાણે કરતા નથી. (જુઓ લુથરનો અનુભવ. ૨જો ભાગ, ૬ઠ્ઠો અધ્યાય).

અધ્યાય ૧૧ મો.

પર્ગેટરી વિષેનો મત.

આ મત, એટલે મરણથી માંડીને ન્યાયના દિવસ સુધી જે સ્થિતિમાં રહીને ખ્રીસ્તીઓ પાપની શિક્ષા પામે છે તથા સહન કરે છે ને સ્વર્ગને માટે તૈયાર થાય છે, તે ઇ. સ. ૧૪૩૯ થી શિખવવામાં આવે છે. પણ એ શાસ્ત્ર પ્રમાણે નથી. મરણ પછીના જીવનમાં, ગમે તે સ્થિતિ તથા જગ્યા હોય, તોપણ પર્ગેટરી નથી.

પોતાના એક દૃષ્ટાંતમાં ખ્રીસ્તે એક શ્રીમંત માણસ વિષે કહ્યું કે તે મરણ પછી એક પીડાને ઠેકાણે ગયો, કે જે-માંથી નીકળવાનો રસ્તો નહોતો; અને એક ભીખારી મરી ગયો, અને તરતજ તે સ્વર્ગમાં લઈ જવાયો. વાંચો લુક ૧૬ : ૨૨–૨૬. આ વાત વાંચતાં યાદ રાખવું કે, જે માણસો વિષે ખ્રીસ્ત બોલ્યો હતો તેઓ યહુદીઓ હતા, અને યહુદીઓના વિચારમાં "ઇબ્રાહીમની ગોદ"નો અર્થ સ્વર્ગ હતો. આપણે વાંચીએ છીએ કે, જ્યારે શ્રીમંત માણસે ઘણી મહેરબાની માગી, ત્યારે તેને કહેવામાં આવ્યું કે કંઇ ફેર-ફાર થઇ શકતો નથી, કારણ કે, ઇબ્રાહીમે કહ્યું, "અમારી તથા તમારી વચમાં મોટી ખાઇ આવેલી છે, એ માટે કે જેઓ અહીંથી તમારી પાસે આવવા ચાહે, તેઓ આવી ન શકે, ને ત્યાંથી કોઇ અમારી પાસે આ પાર આવે નહિ."

વળી વધસ્થંભ પર મારી માટે પસ્તાવીક ચોરની અરજનો જવાબ આપતાં ખ્રીસ્તે કહ્યું, "હું તને ખચીત કહું છું કે, આજ તું મારી સાથે પારાદૈશમાં હોઇશ," લુક ૨૩ : ૩૯–૪૩. [પારાદૈશ એટલે સ્વર્ગ]. પર્ગેટરી, કે જેમાંથી પ્રાર્થના અથવા પૈસા વડે તેનો આત્મા મુક્ત કરાય, તે વિષે ખ્રીસ્તે કંઇજ કહ્યું નથી.

શાસ્ત્ર આપણને શિખાડે છે કે:—

(૧) દેવ દરેક જણને પોતાને જવાબદાર ગણે છે.

"જીવન પામવા સારૂ તમે મારી પાસે આવવા ચહાતા નથી," યોહાન ૫: ૪૦. "જગતમાં અજવાળુ આવ્યા છતાં માણસોએ અજવાળા કરતાં અંધારૂં ચાહ્યું; કેમકે તેઓનાં કામ ભુંડાં હતાં," યોહાન ૩: ૧૯. ઈસ્રાએલને દેવે કહ્યું કે, "તમે પાછા આવો, ને તમારા સર્વ અપરાધોથી ફરી જાઓ, એમ ભુંડાઈ તમારો વિનાશ થઈ પડશે નહિ," હઝકીએલ ૧૮: ૩૦. વળી, "હે ઈસ્રાએલ, હું જે તારૂ આશ્રયસ્થાન તેની સામા થવાથી તું પોતાનો નાશ કરે છે," હોશીઆ ૧૩: ૯.

(૨) દેવ બધા માણસોનું તારણ ઈચ્છે છે.

આગલા વાક્ય સિવાય આ પણ છે:—"પ્રભુ યહોવાહ કહે છે કે, મારા જીવના સમ કે દુષ્ટ માણસના મોતમાં હું બિલકુલ રાજી નથી, પણ દુષ્ટ પોતાના માર્ગથી ફરીને જીવતો રહે એમાં રાજી છું; અરે, તમે ફરો, તમારા દુષ્ટ માર્ગોથી ફરો; કેમકે, હે ઈસ્રાએલના વંશજો, તમે શા માટે મરવા ચાહો છો?" હઝકીએલ ૩૩: ૧૧; અને ૧૮: ૨૩. "તેઓનું રક્ત જેને મેં નિર્દોષ નથી ગણ્યું, તેને હું નિર્દોષ ગણીશ," યોએલ ૩: ૨૧. "કોઇનો નાશ થાય એમ નહિ પણ સઘળાં પશ્ચાત્તાપ કરે એવું ઇચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે," ૨ પીતર ૩: ૯. "યહોવાહ કહે છે, આવો, ને આપણે વાદ કરીએ; તમારાં પાપ જો કે લાલ વસ્ત્રના જેવાં હોય તો પણ તેઓ હીમ સરખાં શ્વેત થશે; જો કે કીરમજના જેવાં રાતાં હોય તો પણ તેઓ ઉન સરખાં થશે," યશાયાહ ૧: ૧૮. "કેમકે દેવે જગતપર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દિકરો આપ્યો એ સારૂ કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો

નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે. કેમકે જગતનો ન્યાય કરવા સારૂ દેવે પોતાના દિકરાને જગતમાં નથી મોકલ્યો, પણ એ માટે કે તેનાથી જગતનું તારણ થાય," યોહાન ૩ : ૧૬,૧૭. "તેઓને જીવન મળે, ને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું," યોહાન ૧૦ : ૧૦.

(૩) જેઓ પશ્ચાત્તાપ કરે છે, અને પવિત્ર સુવાર્ત્તા પર વિશ્વાસ કરે છે, તેઓનાં પાપ આ જીવનમાં માફ કરાય છે.

"જો આપણે અજવાળામાં ચાલીએ તો આપણને એક બીજાની સાથે સંગત છે, ને તેના પુત્ર ઈસુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે," ૧ યોહાન ૧ : ૭. "જો આપણે આપણાં પાપ કબુલ કરીએ, તો આપણા પાપ માફ કરવા તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે," ૧ યોહાન ૧ : ૯. યોહાને ઈસુ વિષે લખ્યું કે, "જેણે આપણા પર પ્રેમ કીધો ને પોતાના લોહી વડે આપણને આપણાં પાપથી છોડાવ્યા," પ્રકટીકરણ ૧ : ૫. ખરીદાએલા વિષે પણ તેણે લખ્યું કે, "જેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા તેઓ એ છે; ને તેઓએ પોતાનાં વસ્ત્ર ધોયાં, ને હલવાનના લોહીમાં ઉજળાં કીધાં," પ્રકટીકરણ ૭ : ૧૪. જે પાપીઓ ખ્રીસ્ત પર વિશ્વાસ કરે છે, તેઓનાં પાપ વિષે આપણે વાંચીએ છીએ કેઃ—"ખ્રીસ્તમાં દેવે તમને માફ કીધું," એફેસી. ૪ : ૩૨; "મેં તારા અપરાધ મેઘની પેઠે, તથા તારાં પાપ વાદળની પેઠે ભુંસી નાંખ્યાં છે," યશાયાહ ૪૪ : ૨૨. "જેનું ઉલ્લંઘન માફ થયું છે તથા જેનું પાપ ઢંકાયું છે તેને ધન્ય છે," ગીતશાસ્ત્ર ૩૨ : ૧. "પૂર્વ જેટલું પશ્ચિમથી દુર છે તેટલાં તેણે આપણાં ઉલ્લંઘન આપણાંથી દુર કર્યાં છે." ગીતશાસ્ત્ર ૧૦૩ : ૧૨. "તું તેઓનાં સર્વ પાપો સમુદ્રના ઉંડાણમાં ફેંકી દેશે," મીખાહ

૭ : ૧૯. "તેં મારાં સર્વ પાપ તારી પીઠ પાછળ નાંખી દીધાં છે," યશાયાહ ૩૮ : ૧૭. "તેણે કીધેલાં પાપોમાંનું કોઇ પણ તેની વિરૂદ્ધ સંભારવામાં આવશે નહિ," હઝકીએલ ૩૩ : ૧૬. "તેઓનાં પાપ હું ફરી સંભારીશ નહિ," હેબ્રી. ૮ : ૧૨. વળી ખ્રીસ્તની વાત વાંચો, "જે વિશ્વાસ કરે છે તથા બાપ્તિસ્મા લે છે, તે તારણ પામશે," માર્ક ૧૬ : ૧૬; "જે મારાં વચન સાંભળે છે, ને મારા મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંત જીવન છે," યોહાન ૫ : ૨૪. વળી "જો દુષ્ટ પોતાનાં કીધેલાં સર્વ પાપોથી ફરીને મારા સર્વ વિધિઓ પાળશે, ને નીતિવાન તથા યથાર્થ કામો કરશે, તો તે નિશ્ચે જીવશે, તે મરશે નહિ. તેણે કીધેલા અપરાધોમાંનો કોઈ પણ તેની વિરૂદ્ધ યાદ કરવામાં આવશે નહિ," હઝકીએલ ૧૮ : ૨૧, ૨૨.

(૪) માણસોને આ માફીનું જ્ઞાન અને ખાત્રી થઈ શકેઃ—

"આપણે જાણીએ છીએ કે, આપણે તેનામાં છીએ," ૧ યોહાન ૨ : ૫. "છોકરાં, હું તમને લખું છું કારણ કે તેના નામને લીધે તમારાં પાપ માફ થયાં છે. બાપો, હું તમને લખું છું કારણ કે જે આરંભથી છે, તેને તમે ઓળખો છો. જુવાનો, હું તમોને લખું છું કારણ કે તમે ભુંડાને જીત્યો છે," ૧ યોહાન ૨ : ૧૨—૧૩. "વહાલાઓ, હાલ આપણે દેવનાં છોકરાં છીએ," ૧ યોહાન ૩ : ૨. 'આપણે જાણીએ છીએ કે મરણમાંથી નિકળીને જીવનમાં આવ્યા છીએ," ૧ યોહાન ૩ : ૧૪.

માટે, જો પાપ માફ થયાં હોય તો મરણ પછી આવાં માફ કરાએલાં માણસોને માટે શિક્ષા રહેશે નહિ; અને આત્મા શુદ્ધ કરવા તથા તૈયાર કરવા પર્ગેટરીની, અને મદદને માટે આપણી પ્રાર્થનાઓ અથવા પૈસાની, જરૂર રહેશે નહિ.

(૫) અવિશ્વાસીઓ અને અણુપસ્તાવીકો અનંત જીવનમાં પેસશેજ નહિ.

"જે જીવ પાપ કરે છે તે માર્યો જશે," હઝકીએલ ૧૮ : ૨૦. "પાપનો મુસારો મરણ છે," રૂમી. ૬ : ૨૩. "ત્યારે હું તેઓને સાફ કહીશ કે, મેં તમને કદી પણ ઓળખ્યા નહિ; ઓ ભુંડું કરનારાઓ, તમે મારી પાસેથી દુર જાઓ," માત્થી ૭ : ૨૩. "માણુસનો દિકરો પોતાના દુતોને મોકલશે, ને ઠોકર ખવડાવનારી બધી વસ્તુઓને તથા ભુંડું કરનારાઓને તેના રાજ્યમાંથી તેઓ એકઠા કરશે. અને તેઓને બળતી ભઠ્ઠીમાં નાંખી દેશે, ત્યાં રડવું ને દાંત પીસવું થશે, " માત્થી ૧૩ : ૪૧,૪૨. ઇસુની બીજી વાત પણ વાંચોઃ માત્થી ૮ : ૧૨; ૧૩ : ૪૯, ૫૦; ૨૨ : ૧૩. વળી, " પણ જો નેકીવાન પોતાની નેકીમાંથી ભટકી જઇને ભુંડાઈ કરે, ને જે સર્વ અમંગળ કૃત્યો દુષ્ટ માણુસ કરે છે તેઓનું અનુકરણ કરે તો શું તે જીવશે? તેણે કીધેલાં નેક કામોમાંનું કોઈ પણ યાદ કરવામાં આવશે નહિ; તેણે કીધેલો અપરાધ તથા તેણે કીધેલું પાપ તેજ અપરાધને લીધે તથા તેજ પાપને લીધે તે માર્યો જશે," હઝકીએલ ૧૮ : ૨૪.

માટે, મરણ પછી એવા માણુસોને માફીની આશા ન હોવાથી તેઓને માટે પર્ગેટરીની જરૂર નથી, અને જે પ્રાર્થનાઓ આપણે તેઓને માટે કરીએ, અથવા જે પૈસા આપીએ, તેઓથી કાંઇ ફાયદા થશે નહિ. "ઝાડ જ્યાં પડે ત્યાંજ રહેશે" (સભાશિક્ષક ૧૧ : ૩); એટલે મરણથી ન્યાચીના દિવસ સુધી મુએલાઓની સ્થિતિમાં ફેરફાર થશે નહિ.

માટે, અમે માનીએ છીએ કે પર્ગેટરીનું મત શાસ્ત્ર પ્રમાણે નથી, પણ ઉલટો તેથી વિરૂદ્ધ છે.

અધ્યાય ૧૨ મો.

પવિત્ર શાસ્ત્ર વાંચવાનો હક ખ્રીસ્તીઓને નથી, એમ કહેવામાં આવે છે.

(अ) ઈ. સ. ૧૫૬૪ માં પોપ ક્લેમેન્ટ ૮માએ આ પ્રમાણે એક મનાઇ જાહેર કરી, આનો અર્થ એ છે કે, દેવનાં છોકરાંઓએ તેઓના આકાશમાંના બાપનો સંદેશો વાંચવો નહિ. આ અજબ વાત છે! છોકરાંઓ વધારે જાણતાં નથી, અને જ્ઞાન વિષે ઓછાં હોય છે, એમ આપણે સમજીએ છીએ; તોપણ પાઉલે જુવાન તીમોથીને વખાણ્યો, કારણ કે, તેણે લખ્યું કે, "બાળપણથી પવિત્રશાસ્ત્ર તું જાણે છે, તે ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી તારણને સારૂ તને જ્ઞાન આપી શકે છે." ૨ તમોથી ૩:૧૫. પણ જો માણસ તે ન વાંચે તો કેવી રીતે તે તેને જ્ઞાન આપી શકે? પાઉલ બેરીઆના લોકોને પણ તેઓના શાસ્ત્રાભ્યાસ તથા જ્ઞાન માટે વખાણે છે. (તેઓ પાદરીઓ ન હતા, પણ ફક્ત સાધારણ માણસો હતા). તે કહે છે કે, "તેઓ મનની પુરી આતુરતાથી વાતનો અંગીકાર કરીને, એ વાતો એમજ છે કે નહિ, એ વિષે નિત્ય ધર્મ લેખો તપાસતા હતા," પ્રેરિત ૧૭:૧૧. પાઉલે એમ કહ્યું માટે તેઓએ વાતનો અંગીકાર કીધો, એમ નહિ; પણ પાઉલનો સંદેશો ધર્મ લેખો પ્રમાણે હતો કે નહિ, એ વિષે પહેલાં તપાસ કીધી; અને એમ તપાસ કરવાથી સમજીને તેઓએ વાતનો અંગીકાર કીધો; માટે પાઉલ તેઓને વખાણે છે.

પરિક્ષણ વખતે ખ્રીસ્તે પણ શાસ્ત્ર વાક્યો વાપરીને શેતાનને હઠાવ્યો. વાંચો માત્થી ૪:૧–૧૦; લુક ૪:૧–૧૩. વળી શાસ્ત્રના અણજાણપણા વિષે ખ્રીસ્તે સાદુકીઓને ધમકાવીને કહ્યું કે "ધર્મ લેખો તથા દેવનું પરાક્રમ ન જાણતાં

તમે ચુકો છો," માત્થી ૨૨ : ૨૯. ઉપદેશ કરતાં પોતાની શિખામણની સાબિતિમાં પીતર તથા બીજા પ્રેરિતોએ વારંવાર શાસ્ત્રના વાક્યો ઉતારી લીધાં. જુઓ પ્રેરિત. ૨ : ૧૬–૨૧, ૩૦–૩૬; ૩ : ૧૮; ૮ : ૩૦–૩૫. ઈ.

દેવની વાત—પવિત્ર શાસ્ત્ર—સઘળા વિશ્વાસીઓને માટે છે. તીમોથીને, તીતસને, ફિલેમોનને તથા યોહાનનો બીજો અને ત્રીજો પત્ર, આ પાંચ નાના પત્ર સિવાય, પ્રેરિતોના પત્રો બિશપોને અથવા પાદરીઓને અથવા કોઇ એક જણની ઉપર લખવામાં આવ્યા નહોતા; પણ મંડળીઓને. દરેક પત્રની પહેલી કલમો વાંચવી. જુઓ—"દેવનાં વહાલાં તથા પવિત્ર થવા સારૂ તેડાએલાં, જે રૂમમાં છે તેઓ **સઘળાંની** પ્રત્યે," રૂમી. ૧ : ૧. "કરીંથમાં દેવની જે **મંડળી** છે, જેઓ ખ્રીસ્ત ઈસુથી પવિત્ર કરાએલા, જેઓ પવિત્ર થવાને તેડાએલા, તેઓના પર તથા તેઓ સુદ્ધાં સર્વ જગ્યામાં જેઓ આપણા પ્રભુ, એટલે તેઓના તથા આપણા પ્રભુ, ઈસુ ખ્રીસ્તનું નામ લેછે, એ **સર્વ** ઉપર," ૧ કરીંથી. ૧: ૧, ૨. "કરીંથમાં દેવની મંડળીને તથા તે સુદ્ધાં આખા અખાયામાંના **સર્વ** પવિત્રને," ૨ કરીંથી. ૧ : ૧. "પાઉલ પ્રેરિત... ને મારી સાથેના સઘળા ભાઇઓ ગલાતીઓની **મંડળીઓ** પર લખીએ છીએ," ગલાતી ૧ : ૧–૨. "એફેસસમાં જે પવિત્રો તથા ઈસુ ખ્રીસ્તમાં જેઓ વિશ્વાસુ છે **તેઓને**," એફેસી. ૧ : ૧. "ફિલિપી મધ્યે ઈસુ ખ્રીસ્તમાં **સહુ** પવિત્રો, અધ્યક્ષો તથા સહાયકારીઓ સુદ્ધાં, એઓની પ્રત્યે," ફિલિપી ૧ : ૧. "કલોસે મધ્યે ખ્રીસ્તમાં પવિત્ર તથા વિશ્વાસુ ભાઇઓ," કલોસી. ૧ : ૧. "દેવ બાપમાં તથા ઈસુ ખ્રીસ્તમાં થેસ્સાલોનીકીઓની મંડળીને," ૧ થેસ્સાલોનીકી. ૧ : ૧; તથા ૨ થેસ્સા. ૧ : ૧. "વેરાઇ ગએલાં બારે કુળોને,"

યાકુબ ૧ : ૧. "પંતસ, ગલાતી, કાપાદોકીઆ, આસીઆ ને બિથુનીઆમાં વેરાએલા પ્રવાસીઓ; જેઓ દેવ બાપના પૂર્વજ્ઞાન પ્રમાણે આત્માના પવિત્રીકરણથી આજ્ઞાકારી થવા સારૂ, ને ઇસુ ખ્રીસ્તના લોહીથી છંટાવા સારૂ પસંદ કીધેલા છે, તેઓને ઇસુ ખ્રીસ્તનો પ્રેરિત પીતર લખે છે," ૧ પીતર ૧ : ૧-૨. "આપણા દેવ તથા તારનાર ઇસુ ખ્રીસ્તના ન્યાયીપણાથી અમારા સરખો મુલ્યવાન વિશ્વાસ જેઓ પામ્યા છે, તેઓને ઇસુ ખ્રીસ્તનો સેવક તથા પ્રેરિત સીમોન પીતર લખે છે," ૨ પીતર ૧ : ૧. "દેવ બાપમાં પવિત્ર કરાએલા તથા ઇસુ ખ્રીસ્તને સારૂ રખાએલા, એવા તેડાએલાઓને," યહુદા ૧.

યહુદી લોકોનો ઇતિહાસ એમ બતાવે છે કે, જ્યારે લોકોથી શાસ્ત્ર છુપાવી રાખવામાં આવ્યું, ત્યારે તેઓ મહાભારત પાપ તથા મૂર્ત્તિપૂજામાં પડયા. તેજ પ્રમાણે જ્યાં જ્યાં દેવની વાત લોકોથી છુપાવી રાખવામાં આવશે ત્યાં ત્યાં હમેશાં એમજ થશે.

(આ) માણસોની દંતકથાઓ દેવના વચન સાથે સરખાવતાં સમાન અધિકારવાળી છે. એવો મત ઈ. સ. ૧૫૪૬ માં રૂમી મંડળીથી જાહેર કરવામાં આવ્યો છે. પણ આ તો પીતરના વિશ્વાસથી તદન વિરૂદ્ધ છે, કારણ કે તેણે કહ્યું, "જ્યારે અમે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો પરાક્રમ તથા આવવું તમને જણાવ્યું, ત્યારે અમે ચતુરાઇથી કલ્પેલી કહાણીઓને અનુસરતા નહોતા." ૨ પીતર ૧ : ૧૬. પોતાના જમાનાના શાસ્ત્રીઓને ખ્રીસ્તે કહ્યું કે, "તમે પોતાના સંપ્રદાય પાળવા સારૂ દેવની આજ્ઞા બરાબર રદ કરો છો," માર્ક ૭ : ૯. વળી, "તમે તમારા સંપ્રદાયથી દેવની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરો છો ?" માત્થી ૧૫ : ૩. કલોસીઓને

પાઉલે લખ્યું કે, "સાવધાન રહો, રખે જ્ઞાન તથા ખાલી કપટ જે ખ્રીસ્ત પ્રમાણે નહિ, પણ માણુસના સંપ્રદાય પ્રમાણે ને જગતના તત્વો પ્રમાણે છે, તેથી કોઇ તમારો ફસાવનાર થાય," કલોસી ૨ : ૮. એવી રીતે ખ્રીસ્ત તથા તેના પ્રેરિતોએ માણુસોની દંતકથાઓ નાપસંદ કીધી.

આપણે જાણીએ છીએ કે, દેવની વાત—ધર્મલેખો—ભુલવગર છે; પણ માણુસોની દંતકથાઓ અથવા સંપ્રદાય, પરસ્પર વિરૂદ્ધ તથા ભૂલ ભરેલા ભોમિયા સરખો છે.

અધ્યાય ૧૩ મો.

સાત સંસ્કારો.

ઈ. સ. ૧૫૪૭ માં, રૂમી મંડળીએ, ખ્રીસ્તી ધર્મનાં સિદ્ધાંતો તરીકે ઠરાવ્યા કે, ખ્રીસ્તથી ઠરાવેલા સાત સંસ્કારો છે; એટલે, બાપ્તિસ્મા, પ્રભુ ભોજન, સ્થિરીકરણ (મંડળીમાં દાખલ કરવાની ક્રિયા), દેહકષ્ટ, દિક્ષા, લગ્ન, અને છેલ્લો અભિષેક (માંદા માણુસને મરતી વખતે તેલભિષેક).

પણ શાસ્ત્ર વાંચવાથી આપણે જાણીએ છીએ કે બાપ્તિસ્મા તથા પ્રભુ ભોજન સિવાય, ખ્રીસ્તે બીજા કોઇ સંસ્કારો ઠરાવ્યાજ નથી. બાકી પાંચ વિષે જાણવામાં આવે છે કે, લગ્ન એદન વાડીમાં પરમેશ્વરે ઠરાવ્યું; દેહકષ્ટ તથા છેલ્લો અભિષેક ખ્રીસ્ત તથા પ્રેરિતો શીખાડતા ન હતા; દિક્ષા તથા સ્થિરીકરણ જુદા જુદા વખતે મંડળીમાં ઠરાવવામાં આવ્યા, પણ ખ્રીસ્તથી નહિ. તે પાંચ તો ક્રિયા કહેવાય, પણ તેઓ સંસ્કારો નથીજ. માટે, અમે માનીએ છીએ કે, ફક્ત બાપ્તિસ્મા તથા પ્રભુ ભોજન, મંડળીના બે ખરા સંસ્કારો છે. (માત્થી ૨૮ : ૧૯ તથા લુક ૨૨ : ૧૪–૨૦)

અધ્યાય ૧૪ મો.

પાદરીઓનું કુંવારાપણું, અથવા પાદરીઓને પરણવાની મનાઇ કરનારો મત.

આતો રૂમી મંડળીએ ઇ. સ. ૧૦૭૪ માં ફરમાવ્યો. આપણે માનીએ છીએ કે, આ મત શાસ્ત્રની વિરૂદ્ધ છે. આપણે વાંચીએ છીએ કે, "અધ્યક્ષ નિર્દોષ, એક સ્ત્રીનો વર...હોવો જોઇએ," ૧ તીમોથી ૩: ૨–૫. "હરેક સેવક એક સ્ત્રીનો વર, પોતાના છોકરાં તથા ઘરનાંને સારી રીતે ચલાવનાર હોવો જોઇએ," ૧ તીમોથી ૩: ૧૨. "નગરમાં તું વડીલો ઠરાવેઃ જો કોઇ નિર્દોષ હોય, એક સ્ત્રીનો વર... તેને ઠરાવવો," તીતસ ૧: ૫, ૬. આપણે જાણીએ છીએ કે પીતર પરણેલો માણુસ હતો. માત્થી ૮: ૧૪ માં એમ લખ્યું છે કે, "ઇસુએ પીતરના ઘરમાં આવીને તેની સાસુને તાવે પડેલી દીઠી." વળી ૧ કરીંથી. ૯: ૫ માં પાઉલ લખે છે કે, "શું જેવો બીજા પ્રેરિતોને તથા પ્રભુના ભાઇઓને તથા કેફાને [પીતર] છે તેવો મને પણ વિશ્વાસી વહુ સાથે લઇ ફરવાનો અધિકાર નથી?" અને એ છેલ્લી કલમમાં પાઉલ પોતાનો પરણવાનો હક દેખાડે છે. ૧ તીમોથી ૪: ૧–૩ માં પાઉલ લખે છે કે, "પણ આત્મા સાફ કહે છે કે, પાછલા કાળોમાં કેટલાએક માણસો, ભુલાવનાર આત્માઓ પર તથા ભૂતોના ઉપદેશ પર લક્ષ રાખીને, જુઠું બોલનારા તથા જેઓનું અંતઃકરણ ડામેલું એવાઓના ઢોંગથી વિશ્વાસનો ત્યાગ કરશે; ને એઓ પરણવાને મના કરશે," ઇત્યિ. જુના કરારમાંના યહુદી યાજકો પરણેલા માણસો હતા, જેમકે હારૂન (નિર્ગમન ૨૮: ૧), એલી (૧ શમુએલ ૧: ૧–૩). લેવી ૨૧: ૭, ૧૩ અને હઝ. ૪૪: ૨૨ માં યાજકને માટે લગ્નના નિયમો આપેલા છે.

અધ્યાય ૧૫ મો.

જેમ ઝાડ, તેમ લોકો તથા મંડળીઓ પણ પોતાના ફળથી ઓળખાય છે.

ખ્રીસ્ત કહે છે કે, "તેઓના ફળથી તમે તેઓને ઓળખશો," માત્થી ૭ : ૧૬–૨૦. ખ્રીસ્તી માણસમાં અને તેથી મંડળીમાં જે ફળ દેખાવાં જોઇએ તે ફળ પાઉલ અને પીતર બન્ને એ સ્પષ્ટ રીતે જણાવે છે. પીતર લખે છે કે, "તેણે આપણને મૂલ્યવાન તથા બહુ મોટાં વચનો આપ્યાં છે, એ સારૂ કે તેઓને આસરે જગતમાંની જે દુષ્ટાઈ કુઇચ્છાથી છે, તેથી છુટીને દેવના સ્વભાવના ભાગિદાર તમે થાઓ. એજ કારણ માટે સઘળા પરિશ્રમ કરીને તમે પોતાના વિશ્વાસ સાથે સાત્વિકપણું, ને સાત્વિકપણા સાથે જ્ઞાન, ને જ્ઞાન સાથે સ્વદમન, ને સ્વદમન સાથે ધીરજ, ને ધીરજ સાથે સુભક્તિ, ને સુભક્તિ સાથે બંધુમૈત્રી, ને બંધુમૈત્રી સાથે પ્રીતિ જોડી લો." ૨ પીતર ૧ : ૪–૭. પાઉલ લખે છે કે, "આત્માનું ફળ એ છે કે, પ્રેમ, આનંદ, શાંતિ, સહનતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસ, નમ્રતા, સ્વદમન." ગલાતી ૫ : ૨૨, ૨૩. આ ફળો ખરેખર ઇસુ ખ્રીસ્તની મંડળીમાં મળી આવશે.

ખ્રીસ્ત તથા તેના શિષ્યો સમરૂનમાં થઇને જતા હતા, તે વખતે બન્યું તેમ ખ્રીસ્તની મંડળીમાં ખ્રીસ્તનો આત્મા હશે. "યોહાને ઉત્તર આપતાં કહ્યું કે, સાહેબ, અમે એક માણસને તારે નામે ભૂત કાઢતાં જોયો; ને અમે તેને મના કીધી, કારણ કે, તે આપણી સાથે ચાલતો નથી. પણ ઇસુએ તેને કહ્યું કે, મના ન કરો, કેમકે જે તમારી વિરૂદ્ધ નથી, તે તમારા પક્ષનો છે." લુક ૯ : ૪૯, ૫૦. વળી યરૂશાલેમ ભણી તેઓ જતા હતા, અને સમરૂનીઓના એક

ગામના લોકોએ તેનો અવકાર કીધો નહિ; અને તેના શિષ્યો-માંના બે જણે તે જોઇને ઇસુને કહ્યું કે, "પ્રભુ, શું, તારી એવી ઇચ્છા છે કે અમે આજ્ઞા કરીએ કે આકાશથી આગ પડીને તેઓનો નાશ કરે?" પણ ઇસુએ તેઓને ધમકાવ્યા, અને તેઓ બીજે ગામ ગયા. લુક ૯: ૫૧–૫૬.

ઇનક્વિઝિશન, એટલે ભારે સતાવણી, ચલાવતી વખતે હજારો અને હજારો પ્રોટેસ્ટન્ટ લોકોને, ઘણા દેશોમાં મારી નાંખવામાં આવ્યા. શા માટે? કારણ કે તેઓએ રૂમી મંડળીના મત સ્વિકાર્યા નહિ, અને તે ધર્મ પ્રમાણે ચાલ્યા નહિ. જેમકે ઈ. સ. ૧૫૭૨ ના "સંત બાર્થોલેમ્યુઝ ડે" (મંડળીના એક ખાસ દિવસે) એકલા ફ્રાન્સમાંજ પચાસ હજાર પ્રોટેસ્ટન્ટોને મારી નાંખવામાં આવ્યા હતા; અને તેની યાદગીરીને અર્થે પોપે એક ખાસ ચાંદ બનાવ્યો. એવી રીતે મંડળીએ પણ તે કતલ પસંદ કરી. આ ઇતિહાસીક વાત છે, અને પ્રકટીકરણ ૧૭: ૬ માં જે વાત વાંચવામાં આવે છે, તેના જેવી છે.

જે દેશોમાં ધર્મ પાળવાની છુટ છે, અને માણસોને પોતાની પ્રેરકબુદ્ધિ પ્રમાણે ધર્મ પાળવા દેવામાં આવે છે, તે દેશો પ્રોટેસ્ટન્ટ દેશો છે. જેમકે, ઇન્ગલૅન્ડ, સ્કૉટલૅન્ડ, અમેરિકા, પ્રોટેસ્ટન્ટ કૅનેડા, આસ્ટ્રેલીઆ, નોર્વે, સ્વીડન, હૉલૅન્ડ, ડેનમાર્ક અને જર્મની. અને આ મુલ્યવાન છુટ મેળવવા માટે હજારોએ પોતાના પ્રાણ આપ્યા હતા.

પ્રોટેસ્ટન્ટ દેશોમાં રૂમી મતવાળાઓને પોતાનો ધર્મ પોતાની ઇચ્છા પ્રમાણે પાળવાની જે છુટ આપવામાં આવે છે, તે છુટ રૂમી મતવાળા દેશોમાં પ્રોટેસ્ટન્ટ લોકોને આપ-વામાં આવતી નથી. શા માટે? કારણ એ છે કે, પ્રોટેસ્ટન્ટ

દેશોમાં પવિત્ર શાસ્ત્ર ખુલ્લુ છે; અને પ્રોટેસ્ટન્ટ લોકોને સ-પની બીક નથી. શા માટે રૂમી મતવાળા દેશોમાં એવીજ છુટ લોકોને આપવામાં આવતી નથી ?

હાલમાં "મૉડર્નીઝમ" નામે યુરોપમાં એક પંથ નીકળ્યો છે, તે રૂમી મંડળીની અંદરના વજનદાર માણસો, કે જેઓ પોતાને માટે વિચાર કરવાનો તથા બધી વાતો વિષે પોતાનો વિચારો જાહેર કરવાનો ઈરાદો રાખે છે, એવા માણસોથી બનેલો છે. અને તે બંધ કરવા મંડળી પ્રયત્ન કરે છે. આપણે વાંચીએ છીએ કે, કેટલાએકને મંડળીમાંથી કાઢી મુકવામાં આવ્યા છે, અને ઘણાએક મનની ગુલામગીરીમાં રહેવાને નારાજ થવાને લીધે તે મંડળીમાંથી નીકળી ગયા.

એમ દિસે છે કે, આ મંડળીની ઇચ્છા એવી છે કે લોકો માનસિક ગુલામગીરીમાં રહે. તે એમ કહેતી જણાય છે કે, તમે પોતાને માટે વિચાર ન કરોઃ મંડળી તમારે માટે વિચાર કરશે. પણ શાસ્ત્ર કહે છે કે, "સઘળાંને પારખો, જે સારૂ તે ઝાલી રાખો. હરેક પ્રકારની ભુંડાઈથી દુર થાઓ," ૧ થેસ્સા. ૫ : ૨૧, ૨૨. પણ જો માણસને પોતાને માટે વિચાર કરવા દેવામાં ન આવે તો તે શી રીતે શાસ્ત્રના આ હુકમ પ્રમાણે કરી શકે ?

અધ્યાય ૧૬ મો.

નદીનું દૃષ્ટાંત.

પહાડમાંથી નિકળતી એકાદ નદી આપણે જોઇ હશેઃ તે એક શુદ્ધ, શાંતિકારક ઝરો છે. રસ્તે વહેતાં તેની એક બાજુ તથા બીજી બાજુથી મેલા વહેળા આવીને તેની સાથે મળી ગયા. અને તે વહેતી નદીનું પાણી વધારે ને વધારે

અશુદ્ધ થયું, એટલે સુધી કે આખરે તેમાં અસલનું શુદ્ધ પાણી બહુ થોડું જોવામાં આવ્યું; અને તે પાણી લોકોને શાંતિ અને તંદુરસ્તી આપતું બંધ પડયું. અસલનું પાણી તો ત્યાં બેશક હતું, પણ રસ્તે તેમાં જે વહી આવ્યું હતું તેથી તે બગડેલું તથા મેલું થયું હતું. ફરી શુદ્ધ પાણી મેળવવાનો એકજ રસ્તો છે, એટલે કે પહાડની જે જગ્યાએથી પાણી નિકળે છે ત્યાં જવું.

આ તો દૃષ્ટાંત છે. તેજ પ્રમાણે કાલ્વરી ટેકરીથી એક શુદ્ધ, શાંતિકારક ને તંદુરસ્ત ઝરો નિકળ્યો, એટલે ઇસુ ખ્રીસ્તની મંડળીનો ધર્મ. પણ તેને ચાલતાં સેંકડો વર્ષ થયાં તે દરમ્યાન તેમાં ઘણા વહેમ તથા ભૂતરૂપી વેહેળા મળી ગયા, કે જેથી તે ધર્મ અશુદ્ધ થયો અને તેને લીધે અસલનું પવિત્ર પાણી થોડું જોવામાં આવે છે. આ વેહેળા તે મતો, સિદ્ધાંતો તથા રીતીઓ છે. [તેઓની એક ટીપ માટે, જુઓ ૨જો ભાગ, ૮ મો અધ્યાય]. અસલનો ઝરો સ્વચ્છ પાણી મેળવવાને, દેવની વાત કે પવિત્ર શાસ્ત્રમાં શોધ કરવાની જરૂર છે.

* * * *

આ બધા પરથી સ્પષ્ટ છે કે આ બધા મતો, સિદ્ધાંતો તથા રીતો, પવિત્ર શાસ્ત્રની વિરૂદ્ધ છે. કારણ કે ખ્રીસ્ત તથા તેના પ્રેરિતોના શિક્ષણ સાથે અમે આ મતોનો મુકાબલો કીધો છે. અને તેઓ શાસ્ત્રથી સાબિત કરી આપવામાં આવતા નથી. માટે, અમે એકલાજ ઇસુ ખ્રીસ્તની મંડળી છીએ, અથવા તેની ખરી મંડળી છીએ, એમ કહેવાનો રૂમી મંડળીને કશો હક નથી.

ભાગ ૨ જો. ઐતિહાસિક પુરાવા.

અધ્યાય ૧ લો.
પીતર રૂમમાં.

પીતર રૂમમાં હતો, અને તે રૂમી મંડળીનો બિશપ હતો, એ કલેમેન્ટ નામે, રૂમના એક બિશપે લખેલા કેટલાક પત્રોથી જણાય છે. તે પત્રોમાં લખ્યું છે કે કલેમેન્ટ, પીતરના હાથે, રૂમી મંડળીના બિશપ તરીકે દીક્ષા પામ્યો, અને તેની અધ્યક્ષની ખુરશીમાં બેસાડાયો. પણ હાલ જણાયું છે કે તે પત્રો ખરા નહોતા. ઇ.સ. ૪૯૬ માં પોપ ગેલીસીઅસે તેઓને રદ કીધાં. ખ્રીસ્તી મંડળીના પહેલા પ્રખ્યાત વડીલોમાંનો એક યૂસીબીઅસ કરીને હતો, તેણે લખ્યું છે કે, કલેમેન્ટનો એક પત્ર ખરો છે. છતાં, તે પત્ર પણ, કલેમેન્ટ રૂમનો બિશપ થયો તે પહેલાં લખાયો હતો; અને તે પત્રમાં પીતર વિષે કલેમેન્ટે બીલકુલ લખ્યું નથી. એટલુંજ નહિ, પણ તે પત્ર, કલેમેન્ટે પ્રભુના ભાઇ અને યરૂશાલેમના બિશપ યાકુબ ઉપર લખ્યો હતો; અને તેમાં તે યાકુબને "બિશપોનો ધણી તથા બિશપ" કહે છે. આથી જણાય છે કે, જો કે કલેમેન્ટ રૂમમાં પીતરનો વારસ હતો, તો પણ તેણે કબૂલ કીધું કે તે યરૂશાલેમ, કે જ્યાંની મંડળી સર્વ મંડળીઓમાં મુખ્ય હતી, ત્યાંના બિશપ યાકુબને આધીન હતો.

પીતર ક્યારે અથવા ક્યાં મરણ પામ્યો, એ વિષે કાંઇ નક્કી ખબર નથી. તોપણ સાર્વત્રિક મંડળી માને છે કે તે વધસ્થંભે જડાયો હતો, જેમ યોહાન ૨૧ : ૧૮,૧૯ માં ખ્રિસ્તે ભવિષ્ય કહ્યું છે તેમ; અને રૂમમાં, પાઉલના મરણ વખતે, તે મારી નાંખવામાં આવ્યો હતો. જો એમ હોય તો તેટલાજ કારણને લીધે તે મંડળીનો બિશપ થઇ ન શકે.

અધ્યાય ૨ જો.

રૂમી મંડળી અને તેનો બિશપ કેવી રીતે મુખ્ય કહેવામાં આવ્યાં.

આ વાત તો સ્પષ્ટ છે કે, પહેલાં યરૂશાલેમની મંડળી મુખ્ય મંડળી તથા બધી મંડળીઓની માતા હતી. યરૂશાલેમનો નાશ થયો (ઇ. સ. ૭૦), અને ત્યાંની મંડળી વેરાઈ ગઈ. ઇ. સ. ૩૧૩ સુધી આખી રૂમી બાદશાહતમાં ખ્રીસ્તીઓની સખત સતાવણી ચાલી. બાદશાહ મહાન કૉન્સ્ટાન્ટાઇન પોતાની રાજધાની ઇટાલીની રૂમથી બદલીને બોસ્ફરસ ઉપર આવેલા બાઇઝાન્ટીયમમાં લઈ ગયો, અને તે શહેરનું નામ કૉન્સ્ટાન્ટીનોપલ પાડયું. ઇ. સ. ૩૨૪ માં બાદશાહ કાન્સ્ટાન્ટાઇન ખ્રીસ્તી થયો, ને ખ્રીસ્તી ધર્મ રાજ ધર્મ બન્યો. ત્યાર બાદ કાન્સ્ટાન્ટીનોપલની મંડળી તે મુખ્ય મંડળી થઈ, ને તેનો બિશપ તે મુખ્ય બિશપ થયો, એમ જણાયેલું છે. ત્યાર બાદ કૉન્સ્ટાન્ટીનોપલ તથા રૂમ મંડળી વચ્ચે ઉપરીપણા માટે તકરાર ઉઠી ને તે ઘણાં વરસ સુધી ચાલી, અને તેથી ખ્રીસ્તી મંડળીમાં બે ભાગ થયા: એક પૂર્વની, એટલે ગ્રીક મંડળી કાન્સ્ટાન્ટીનોપલ તથા તેની સાથે સંબંધ ધરાવતી મંડળીઓ; અને બીજી પશ્ચીમની, એટલે રૂમી મંડળી તથા તેની સાથે સંબંધ ધરાવતી મંડળીઓ. જેમ હાલમાં લન્ડન છે તેમ, રૂમ શહેર સૌ કરતાં મોટું શહેર હતું, અને તેથી ધીમે ધીમે રૂમી મંડળી વજનદાર થઇ. આખરે ઇ. સ. ૬૦૬ માં રૂમના બિશપ, બોનીફેસ ૩ જાએ, બાદશાહ ફોકસને ઉશ્કર્યો, ને કાન્સ્ટાન્ટીનોપલના બિશપને બદલે પોતે મુખ્ય બિશપ બન્યો. અને ખ્રીસ્તી કુટુંબ ઉપર તેનું ધારેલું શીરપણું દેખાડવા માટે આ નામ "પોપ" (જેનો અર્થ પીતા છે) અથવા "પાપા" તે વાપર્યું. આથી આપણે જાણી શકીએ

છીએ કે, રૂમી મંડળી સાથે પીતરનો સંબંધ હતો તેને લીધે તે મુખ્ય મંડળી થઇ અને તેનો બિશપ મુખ્ય બિશપ થયો એમ તો નથી.

રૂમી મંડળીના બિશપના સર્વોપરીપણાનો મત ઇ.સ. ૧૫૬૪ પહેલાં પ્રસિદ્ધ થયો નહતો: પણ પીતર તથા બીજા પ્રેરિતોના મરણ પછી ઘણે સૈકે તે જાહેર થયો.

કહેવાની જરૂર છે કે, પ્રથમની મંડળી એમ ધારતી નહતી કે મંડળીમાં રૂમનો બિશપ સૌ કરતાં મોટો અધિકારી હતો. પ્રાચીન મંડળીની કૌન્સીલો પોપથી નહિ પણ બાદશાહથી બોલાવવામાં આવી હતી; જેમકે નાઇસીઆની કૌન્સીલ બાદશાહ કૉન્સ્ટાન્ટાઇને બોલાવી, અને થોડી વાર તેણે પોતે અને ત્યાર પછી કોરૂડોવાના બિશપે પ્રમુખપણું બજાવ્યું. ઇ.સ. ૧૪૧૪ માં કૉન્સ્ટાન્સની કૌન્સીલે એમ ફરમાવ્યું કે, પાપા સાર્વત્રિક મંડળીની સામાન્ય સભા (જનરલ અસેમ્બ્લી) ને તાબે છે.

અધ્યાય ૩ જો.

પૃથ્વિ ઉપર ખ્રીસ્તના પ્રતિનિધિ અથવા અવેજી.

કહેલું છે કે, રૂમી મંડળીનો બિશપ અથવા પોપ પૃથ્વિપર ખ્રીસ્તનો એકલોજ પ્રતિનિધિ અથવા અવેજી છે, જેઓ વડે આત્મિક આશિષ મેળવવામાં આવે છે. અને કે પાપા એક પછી એક યોગ્ય રીતે દીક્ષીત કરાયલા, કાયદેસર મોકલાએલા, અને પ્રેરિતોના સિદ્ધાંતો શિખવનારા પાળકો છે. (જુઓ ૧લો ભાગ, ૫મો અધ્યાય).

ખ્રીસ્તના પ્રતિનિધિ, ચાલચલણમાં, કામમાં, તથા

શિખામણમાં, ખ્રીસ્તના જેવા થશે. અમે કબૂલ કરીએ છીએ કે, મંડળીમાં ઘણા સારા, ઉમદા, વિદ્વાન, ધાર્મિક અને લાયક પાપા થઇ ગયા; પણ રૂમી મંડળીના ઇતિહાસ કર્ત્તાઓ પોતે આપણને જણાવે છે કે, તેના બધા પોપ ખ્રીસ્તના જેવા નહતા. રૂમી મંડળીના એક મુખ્ય ઇતિહાસક, કાર્ડીનલ બારો-નીઅસે, દસમા સૈકામાં લખેલા મંડળીના ઇતિહાસમાં, નિચે પ્રમાણે લખ્યું છે કે, "તે દિવસોમાં દેવના મંદિર અને પ્રભુના પવિત્ર સ્થાનની પાયમાલી જોવામાં આવતી હતી; તથા સંત પીતરના તખ્ત ઉપર પોપ નહિ પણ રાક્ષસ જેવા અધર્મિ માણસો બેઠા હતા."

વળી, "પ્રેરિતોનું પવિત્ર આસન, કે જેના મજાગરાં ઉપર સાર્વજનીક કૅથોલીક મંડળી ફરતી જાય છે, તેને કેવાં કંટાળા અને ધિક્કાર પાત્ર કામો સહન કરવાની અગત્ય પડેલી છે. અરે ! કેટલાં શરમ ભરેલાં અને દુઃખકારક ! જે આસન દૂતોથી માનવંતુ ગણાવાનું છે, તે પર ભયંકર લાગે એવા કેટલા બધા રાક્ષસોને ઐહિક રાજકુમારોએ ઘુસાડેલા કેટલા બધા કરૂણારસ બનાવો પૂર્ણ કરવામાં આવ્યા હતા! મંડળી જે ડાઘ તથા કરચલી વિનાની હતી, તે પોતે કેવી ખરાબ અને બેઇજત બની, અને તેમાંથી બદબો નીક-ળવા લાગી; અને જે ભ્રષ્ટતાથી પોતે અશુદ્ધ બની તેને લીધે કાયમને માટે બેઆબરૂ બનવાથી તેના નામને કલંક લાગ્યું!"

ફરી તેના તેજ ઇતિહાસ કર્ત્તાએ લખ્યું છે કેઃ— "તે વખતે પવિત્ર રૂમી મંડળીને સ્થિતિ કેવી હતી, જે વખતે વેશ્યા સ્ત્રીઓનો પ્રબળ અને સૌથી નીચ અમલ રૂમમાં ચાલતો હતો, તેઓની ઇચ્છાનુસાર બિશપોની બદલી કર-વામાં આવતી હતી, અને—ત્રાસદાયક વચનો બોલવામાં તથા

સાંભળવામાં આવતાં–તેમના પ્યારા, જુદા બિશપોને, સંત પીતરને આસને બેસાડવામાં આવતા હતા; અને કેવળ કાળમાનને લીધે રૂમી ધર્માધિકારીઓના પત્રકમાં તેમની નોંધ કરવામાં આવતી હતી, તે વખતે તેની સ્થિતિ કેટલી અધમ હતી !"

ઈ. સ. ૯૯૧ માં ઓરૂલીઅન્સનો બિશપ, આર્નલ્ફ કરીને, હતો. તેણે તે દહાડાના પોપ વિષે એમ કહ્યું છે કે, "દેવના મંદિરમાં બેસીને પોતાને દેવ જેવા બનાવનાર ખ્રીસ્તી વિરોધી નથી શું ?" કારણકે પોપ ઇશ્વિરીમાન્ તથા ભક્તિ પામવાનો દાવો કરતા હતા, અને કહેતા હતા કે, ખ્રીસ્તના પ્રતિનિધિ તરીકે, અમને સઘળો પરાક્રમ અપાયો છે. અને આજ સુધી આ દાવો તેઓ કરે છે.

જેમ બારોનીઅસે કહ્યું તેમ, ઘણીવાર પાપાઓ, રાજાઓના, ખોટી બૈરીઓના, તથા મંડળીમાંના પ્રતિપક્ષકારોના હથિયાર હતા; અને એવા પ્રતિપક્ષકારો તેમને ચુંટતા, હોદ્દા પરથી કહાડી મુકતા, કેદમાં નાખતા, અથવા તેમનાં ખૂન પણ કરતા; ટુંકામાં, ધ્યાનમાં આવે તેવું વર્તન તેમના પ્રત્યે ચલાવતા; એમ ઇતિહાસ પણ આપણને શીખાડે છે. [કાર્ડીનલના મંડળથી હાલની પોપની ચુંટવાની રીત પોપ અલેકઝાન્ડર ૩જાએ ઠરાવી ઇ. સ. ૧૧૮૧–૧૧૮૫.]

કેટલીએક વાર મંડળીમાં અંધેર ચાલતું; અને એકજ વખતે બે પ્રતિપક્ષ પાપા હતા; જેમકે ઇ. સ. ૧૩૭૮ થી ૧૪૧૭ સુધી, એકની ચુંટણી ઇટાલીના કાર્ડીનલોથી રૂમમાં થઈ, અને બીજાની ચુંટણી ફ્રેન્ચ કાર્ડીનલોથી ફ્રાન્સના અવીઞોનમાં થઇ. એકજ વખતે (૧૪૦૬–૧૪૧૪) ત્રણ પ્રતિપક્ષ પાપા હતા.

શું એવા પાપા ખ્રીસ્તના પ્રતિનિધિ અને અવેજી હોઈ શકે ? તે મંડળીના ઇતિહાસકારો કહે છે કે એવા માણસો

જુદા પાપા હતા. શું, તેમની માર્ફતે ઈશ્વરી આશિષો મળતા હતા કે? અને જ્યારે તેઓ એક કરતાં વધારે હતા ત્યારે ખરો કોણ હતો?

જો રૂમી મંડળીનો પ્રેરિત અનુકરણીય તથા પ્રેરિતોનો ધારેલો વારસ (એપોસ્ટાલીક સક્સેશન) નો મત ખરો હોય તો, તે વાત તદન રદ ગઇ છે; અને હાલ તે મંડળીમાં પીતર અથવા બીજા પ્રેરિતોના વારસો નથી. કારણ કે, જેમ ૧ લા ભાગ, ૫ મા અધ્યાયમાં કહેલું છે તેમ, એક પછી એક કાયદેસર મોકલાએલા પાળકો નહતા; અને જુદા પાળકોથી ઘણીવાર તેની સાંકળ તુટી ગઇ હતી.

અમે એમ કહેતા નથી કે, ખ્રીસ્તી મંડળીની બીજી શાખાઓમાં પાપીષ્ટ માણસો નહતા; પણ જેમ રૂમી મંડળી કહે છે તેમ તે બીજી શાખાઓએ કહ્યું નથી, કે તેવા માણસો ખ્રીસ્તના પ્રતિનિધિઓ હતા. પણ જેમ માત્થી ૭: ૧૫, ૨૦ માં જણાવ્યું છે તેમ એવા માણસો "જુદા ઉપદેશકો જેઓ ઘેટાંને વેશે માંહે ફાડી ખાનારા વરૂ છે,... ...માટે તેઓના ફળથી તમે તેઓને ઓળખશો."

આ વાત જાણવા જોગ છે કે લુથરના વખતમાં થએલા સુધારાએ રૂમી મંડળી ઉપર ઘણી અસર કરી હતી, અને તેથી મંડળીમાં કેટલાએક સુધારા થયા હતા.

અધ્યાય ૪ થો.

શું મંડળીના અધ્યક્ષો ભૂલ રહીત છે?

રૂમી મંડળી કહે છે કે ધર્મના સિદ્ધાંતોના ખુલાસા આપવામાં તથા નીતિની બાબતો પ્રસિદ્ધ કરવામાં રૂમી મંડળીનો અધ્યક્ષ ભૂલ રહીત છે. [જુઓ ૧લો ભાગ, ૪થો અધ્યાય.]

પણ ઈતિહાસીક વાત એવી છે કે, કેટલાએક પાપાએ પાખંડી મતો શિખાડયાં, અને તેને માટે મંડળીમાંથી કાઢી મુકવામાં આવ્યા; જેમકે, હોનોરીયસ ૧લો અને જોન ૨૩ મો. અને એમ જણાએલું છે કે, કેટલાક પાપાએ તેમના પૂર્વગામી પાપાના મતો તથા સિદ્ધાંતોમાં સુધારો વધારો કર્યો અથવા રદ કર્યા. જેમકે—(૧) પીયસ ૪ થાએ ખ્રીસ્તીઓને પરવાનગી આપી કે શાસ્ત્ર વાંચવું, કારણ કે તે સારૂ કામ છે; પણ એ સારૂ કામ નથી, એમ ધારીને કલેમેન્ટ ૮માએ તે પરવાનગી પાછી લઈ લીધી અને લોકોને શાસ્ત્ર વાંચવાની મના કરી. (૨) જે પત્રો વિષે કહેલું છે કે કલેમેન્ટે લખ્યા, તે પત્રો ૪૯૬ માં ગેલેસીયસે રદ કીધા. (૩) ટ્રૂલ્લીયન કૌન્સીલે એમ ઠરાવ્યું કે પોપ હોનોરીયસ ૧લો પાખંડ મત માનનાર છે; અને એ ઠરાવ પોપ લીઓ ૨જાએ મંજુર કીધો. (૪) બેનેડીકટ ૧૧માએ પોતાના પૂર્વગામી પોપ બોનેફેસ ૮માનું કામ રદ કીધું. (૫) શાસ્ત્ર તૈયાર કરતાં, તેમાંથી સીકસ્ટસ ૫મો, ૩જો એઝરા, ૪ થો એઝરા, ૩જો માકાબીઓ, અને મનાસેહની પ્રાર્થના આ ચાર પુસ્તકો કાઢી નાંખ્યાં, કારણ કે તે એમ ધારતો હતો કે તેઓ ઇશ્વિર પ્રણીત મનાતાં પુસ્તકો નથી; પણ બીજી આવૃતિ તૈયાર કરતાં પોપ કલેમેન્ટ ૮ માએ, ૩ જો એઝરા, ૪ થો એઝરા અને મનાસેહની પ્રાર્થનાનાં પુસ્તકો કાયમ રાખ્યાં, કારણ કે તે ધારતો હતો કે તે ઇશ્વિર પ્રણીત મનાતાં પુસ્તકો છે. (૬) કલેમેન્ટ ૮માએ સાધારણ લોકોને (એટલે મંડળીના સભાસદો) પ્રભુ ભોજનમાં દ્રાક્ષરસ પીવાની પરવાનગી આપી; પણ ત્યાર પછી પીયસ ૫ માએ તેમ કરવાની મના કીધી. (૭) ઍાથનેસીયસ વડીલનું શિક્ષણ પાખંડી હતું, એમ મંડળીની કૌન્સીલ ધારતી હતી; પણ પોપ લાઇબીરીયસ

તે કબુલ કીધું અને તેને માટે તેને કૌન્સીલથી કાઢી મુકવામાં આવ્યો; પછી લાઇબીરીયસે પોતાની કબુલાત પાછી ખેંચી લીધી અને ઓથનેસીયસને કાઢી મુકયો, અને ફરી તેને તેના ઓદ્ધાએ રાખવામાં આવ્યો. (૮) કુંવારી મરિયમના જન્મ વિષે ઇનોસેન્ટ ૩ જાએ કહ્યું કે "મરિયમ પાપમાં જન્મેલી હતી પણ તેણીએ પાપ વગર જન્મ દીધો;" તોપણ ૧૮૬૪માં પીયસ ૯માએ એવો મત જાહેર કીધો કે મરિયમ પાપ વગર જન્મી હતી. (૯) ૧૭૭૩ માં કલેમેન્ટ ૧૫ માએ જેસ્યૂઇટ પંથને દબાવવાનો તથા નાશ કરવાનો હુકમ ફરમાવ્યો, કારણ કે તે ધારતો હતો કે તે ખ્રીસ્તી મંડળીના શાંતિ વિરૂદ્ધ હતો, અને કે તેના સિદ્ધાંતોમાંના કેટલાએક સિદ્ધાંતો પણ નીતિ વિરૂદ્ધ હતા; એટલુંજ નહિ, પણ તેણે કહ્યું કે તેના પૂર્વગામીઓમાંના ત્રણ પાપાઓએ તે પંથનો નાશ કરવાનો વિચાર કીધો હતો; અને તે પંથ બંધ કરવામાં આવ્યો, તેની વિદ્યાશાળાઓ બંધ કરવામાં આવી, તેની આવક લઈ લેવામાં આવી, અને તેનો સરદાર કેદમાં નંખાયો હતો; તોપણ ૧૮૧૪ માં પીયસ ૭ માએ આ પંથની પુનઃસ્થાપના કીધી.

એવી રીતે, પાપા એક બીજાના ઠરાવની વિરૂદ્ધ ઠર્યા; માટે અમે પૂછીએ છીએ કે, અચૂકપણું કયાં છે ?

અધ્યાય ૫ મો.

એકલી ખરી સાર્વત્રિક (કેથૉલીક) મંડળી કઈ છે ?

પ્રોટેસ્ટન્ટ અથવા સુધરેલી મંડળીઓ, રૂમી મંડળી જેવી, કેથૉલીક અથવા સાર્વત્રિક છે: કારણ કે તેઓ દુનીઆના દરેક ભાગમાં પ્રસરેલી છે, અને એકજ દેશમાં રહેલી

નથી. કોઈ પણ વખતે રૂમી મંડળી એકલીજ સાર્વત્રિક મંડળી નહતી. હમેશાં ઇસુ ખ્રીસ્તની મંડળીની બીજી શાખાઓ પણ તેવી થઇ છે; અને રૂમી મંડળી હમેશાં બીજી શાખાઓમાંની એકજ છે. વળી તે સૌ કરતાં જુની શાખા પણ નથી. કારણ કે ગ્રીક મંડળી તે કરતાં જુની છે, તથા બીજી પણ તેટલીજ જુની છે: જેમકે વાલ્ડેન્સીયન, આરમીનીયન, કાપ્ટીક તથા આબીસીનીયન મંડળીઓ.

રૂમી મંડળીને બીજી બધી મંડળીઓ કદી મુખ્ય મંડળીઓ તરીકે સ્વીકારતી નથી. ઉલટુ તે મુખ્ય સત્તાનો દાવો ધરાવે છે, તથા શાસ્ત્ર વિરૂદ્ધ મતો તથા ચાલ ફરમાવે છે, માટે તે બધી શાખાઓ તેની સાથે કંઈ સંબંધ રાખતી નથી. અને રૂમી મંડળી કરતાં તેઓમાં ખ્રીસ્તી લોકોની સંખ્યાનો મોટો ભાગ છે. (આસરે ૫૩,૦૦,૦૦,૦૦૦ ખ્રીસ્તીઓ છે: જેમાંના ૨૫,૦૦,૦૦,૦૦૦ રૂમી મંડળીના છે, અને ૨૮,૦૦,૦૦,૦૦૦ પ્રોટેસ્ટન્ટ તથા ગ્રીક વગેરે છે.)

ધિક્કારથી કહેલું છે કે, પ્રોટેસ્ટન્ટ મંડળીઓ ફક્ત લુથરના દિવસથી થઈ છે, અને તે લુથરે ઉભી કરેલી છે, પણ રૂમી મંડળી ખ્રીસ્તના દિવસોથી છે અને તેનો સરદાર પીતર છે. ખરી વાત એ છે કે, પહેલા સૈકામાં ઘણી મંડળીઓ હતી, અને તેઓ સઘળી સરખીજ તથા એક બીજીથી સ્વતંત્ર હતી. પણ રૂમી મંડળીના પહેલાં ધર્મત્યાગથી, હમેશાં પ્રોટેસ્ટન્ટો થયા કે જેઓએ દેવની વાત તથા ખ્રીસ્ત અને તેના પ્રેરિતોએ ફરમાવેલા મત વિરૂદ્ધ ચાલવાની મનાઈ કીધી. ["પ્રોટેસ્ટન્ટ," એટલે પાપા મતથી વિરૂદ્ધ મત માનનાર] ખ્રીસ્ત તથા તેના પ્રેરિતોના નિયમો તથા સુવાર્ત્તાના હેતુઓનો જેણે ત્યાગ કીધો તે મંડળી રૂમી મંડળી છે. તેના ખોટા શિક્ષણ તથા શાસ્ત્ર વિરૂદ્ધ ચાલ સામે, હમેશાં

ખ્રીસ્તી લોકો થએલા છે. દાખલા તરીકે, જે મંડળીઓ વિષે આપણે આગળ કહ્યું છે; તે રૂમી મંડળી જેવી જુની છે અને પ્રેરિતોના દિવસોથી છે, અને તેઓએ વારંવાર રૂમના હક્કોનો નકાર કીધો છે, અને તેનું શિક્ષણ કદી સ્વીકાર્યું નથી. એવી રીતે દરેક સૈકે શાસ્ત્ર વિરૂદ્ધનાં નવાં મત સામે પ્રોટેસ્ટન્ટો થયા, અને તેને લીધે દેશે દેશથી તે મંડળીમાંથી ઘણા સભાસદો નિકળી ગયા. છેલ્લો મોટો સંસર્ગ ત્યાગ ૧૮૭૦ માં થયો, જ્યારે પોપના અચુકપણાનો છેલ્લો મત જાહેર કરવામાં આવ્યો, ત્યારે જર્મની અને આસ્ટ્રીઆમાં ઘણા માણસો નીકળી ગયા, અને જુની કેથૉ-લીક મંડળી એવી શાખા સ્થાપી.

એમ કહેવામાં આવે છે કે, પ્રોટેસ્ટન્ટ મંડળીઓ ખરી ખ્રીસ્તી મંડળી નથી, અને તેનું એક કારણ એ છે કે તેમાં ઘણા પંથો કે ભાગ છે. પણ શું, રૂમી મંડળીમાં પંથો થયા ન હતા, અથવા હાલ તેમાં પંથો અથવા ભાગ નથી શું? જુદા જુદા ઓર્ડરો (પંથો) તે શું છે? જેમકે, જેસ્યુઇટો, ફ્રાન્સીસ્કો, બેનેડીકટીનો, કાર્મેલાઇટો, પાઉલીનો, ડોમીનીકનો, ટ્રાપીસ્ટો, કાર્થુસીયનો, ઑગસ્ટીયનો, બર્નાર્ડીનો, કાપુચીનો, ઇ. શું, આ મંડળીની અંદરના આ જુદા જુદા પંથો નથી? શું તેઓ એકબીજાની સાથે કદી નથી થયા? તેઓ બધા પોતાની મંડળીના સરદાર તરીકે પોપનો અંગી-કાર કરે છે, અને તેઓ બધા રૂમી વાડીમાં છે, એમ તો હશે. પણ બધા પ્રોટેસ્ટન્ટ પંથો તો એકજ સરદાર એટલે ખ્રીસ્તનો અંગીકાર કરે છે, અને તેને વફાદાર છે: અને તેઓ બધા પ્રોટેસ્ટન્ટ વાડીમાં છે, પણ એમ પુછીએ કે, જ્યારે ઘણીવાર રૂમી મંડળીમાં એકજ વખતે બે અથવા ત્રણ પાપા હતા, અને તે મંડળીના સભાસદોમાંના કેટલા-

એક એકના અનુયાયીઓ હતા, અને કેટલાએક બીજાના અનુયાયીઓ હતા, અને એકજ વખતે પક્ષાપક્ષ વચ્ચે લડાઈ થઈ, ત્યારે શું, તે મંડળીની અંદર ફાટફુટ ન હતી? અને જો એમ હોય કે હાલ તે મંડળીની અંદર ફાટફુટ નથી, તો કારણ એમ હશે કે મતો વિષે જો કોઈ માણસો વાંધો નાંખે તો તે જો તેઓ મંડળીમાંથી ન નિકળે તો તેઓને મંડળીમાંથી કહાડવામાં આવે, જેમકે, લુથર, મોડર્નીસ્ટો, ઈ. (જુઓ ભાગ ૧, ૧૫ મો અધ્યાય; તથા આવતા અધ્યાયમાં.)

અધ્યાય ૬ ઠ્ઠો.

વિશ્વાસથી ન્યાયીપણું.

લુથરનો અનુભવઃ—મહાન સુધારક માર્ટીન લુથરના ચરિત્રમાં આ ધન્યવાન મત, એટલે વિશ્વાસથી ન્યાયીપણું, સારી રીતે દાખલો આપીને દેખાડયો છે. તે રૂમી મંડળીનો વફાદાર સભાસદ હતો. અભ્યાસ કરીને તેણે "એમ. એ." ની ડીગ્રી મેળવી, અને એવો ઈરાદો રાખતો કે, આગળ અભ્યાસ કરીને "એલ. એલ. ડી." (ડૉકટર ઑફ લૉ)ની ડીગ્રી પણ મેળવવી. પણ એક વાર જ્યારે તે મરણના પાસમાં હતો, ત્યારે તે મરવાને તૈયાર ન હતો, માટે તેણે પરમેશ્વરને વચન આપ્યું કે, જો મારો જીવ બચે તો હું દેવની સેવામાં પોતાનું અર્પણ કરીશ. તે દિવસોમાં એમ માનવામાં આવતું હતું કે, દુનિયા ત્યાગ કરીને મઠમાં રહેવાથી દેવની સેવા સૌથી સારી રીતે થઈ શકે છે, માટે તેણે તે પ્રમાણે કર્યું. પણ આશ્રમની બહાર પોતે પાપ પડતુ કર્યું હોય, એમ તેને લાગ્યું નહિ. તેનો હેતુ એવો હતો કે

પાપની માફી મળે અને સ્વર્ગને યોગ્ય થવાય. તેથી મંડળીની રીત પ્રમાણે તેણે લાટીન ભાષામાં પ્રાર્થના કરી, અને દેહ કષ્ટ કરીને તેણે પ્રાયશ્ચિત કીધું, અને ઘણા દિવસ સુધી ઉપવાસ કીધો. તેને સુકર્મો કરવાને ઉશ્કેરવામાં આવ્યો હતો, અને તેણે એમ કર્યું, તોપણ તેને આત્મિક મદદ મળી નહિ. તે તો આત્મિક અજવાળું અને તારણ શોધતો હતો. મઠમાં મેજ સાથે સાંકળથી બાંધેલું એક બાયબલ તેને મળ્યું; અને તે તેણે ઘણી વાર વાંચ્યું. એક દિવસ તેણે રૂમી. ૧ : ૧૭ માંના શબ્દો વાંચ્યા, એટલે "ન્યાયી વિશ્વાસથી જીવશે," તેથી તેના પર ઉંડી અસર થઈ; અને એક ઘરડા મઠવાસીની તેણે મદદ માગી, જેણે તેને કહ્યું કે, તું ઈસુની ગમ જો, અને તારાં પાપની માફી મળશે, એવો વિશ્વાસ કર. આથી તેના મનમાં જરા શાંતિ આવી. એટલામાં તે મંડળીના પવિત્ર શહેર રૂમમાં જવાનો તેને પ્રસંગ મળ્યો; ત્યારે તે શહેરને જોઇને તે બોલી ઉઠયો કે "પવિત્ર રોમ, હું તને સલામ કરૂં છું." પણ તે પવિત્ર છે એમ તેણે જોયું નહિ, કારણ કે તેમાં પવિત્ર ખ્રીસ્તને નામે ઘણા અપરાધો કરવામાં આવતા હતા. ત્યાં એક દાદર હતો, જે પીલાતના દાદર નામે ઓળખાતો હતો. જેના વિષે એવું કહેવાય છે કે આ દાદર ઉપરથી ઈસુ ઉતર્યો હતો, અને તે વિષે એવી ચરચા ફેલાયલી હતી કે, તે દૂતોથી લાવવામાં આવ્યો હતો. પોપે એવું વચન આપ્યું કે, જે માણસો આ દાદર ઉપર પોતાના ઘુટણો વડે ચઢે તો તેનાં પાપ માફ થાય. આ વચન પર વિશ્વાસ કરીને પાપમાંથી મુક્તિ મેળવવાની ઇચ્છાથી લુથરે પગથીયાં પર હાથ પગ ટેકવીને ચાલવા માંડયું; ચઢતાં ચઢતાં એવી એક વાણી સાંભળી કે, "ન્યાયી વિશ્વાસથી જીવશે." એ સાંભળીને તે એકદમ ઉઠયો, અને પોતાના મૂર્ખ વ્હેમોથી શરમીંદો થઇ ચાલ્યો ગયો. એ વરસ

પછી તેણે મંડળીમાંના ઉપદેશકનાં વ્રતો લીધાં અને શાસ્ત્ર વિશ્વાસુપણે શિખાડવાનો અને જુઠા શિક્ષકોથી પોતાનો બચાવ કરવાનું વચન આપ્યું. ધીમે ધીમે તેના અંતઃકરણમાં આત્મિક અજવાળુ આવ્યું, અને પોતાની મંડળીની ભૂલો જોવા લાગ્યો, અને તે વખતના ખ્રીસ્તીઓમાં જે ખોટા વ્હેમો હતા તેની સામે લડત ચલાવવા લાગ્યો. અને ખાસ કરીને આ ભૂલ, કે માણસ પોતાનાં સુકૃત્યોથી પાપની માફી મેળવી શકે, અને દેહ કષ્ટ તથા એના જેવાં બીજાં કામોથી પરમેશ્વર આગળ ન્યાયી થઇ શકે છે. એ ભૂલ પ્રત્યે વિશેષે કરીને તે બોલવા લાગ્યો. તેનો ભારે વાદ એજ હતો કે, માણસ પોતાની મેળે પોતાનું તારણ કરી શકતો નથી. "જે ન્યાય છે તે કરવાથી આપણે ન્યાયી થતા નથી, પણ ન્યાયી થયા પછી, જે ન્યાય છે, તે અમે કરીએ છીએ." વળી જે વ્હેમ રાખવાથી માણસો, માણસની શક્તિથી, અથવા સંતોથી, મદદ શોધે છે તે સામે પણ તે બોલ્યો; એમ કહીને કે, "જે વિશ્વાસ રાખે છે તેને ખ્રીસ્ત માર્ફતે સઘળું શકય છે; તો પછી માણસની કે સંતોની મદદ શોધવી એ વ્હેમ ભરેલું છે." ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસે કરીને મફત તારણ મળી શકે છે, એવો તેણે હિમ્મતથી ઉપદેશ કીધો. તોપણ લુથર હજી રૂમી મતનો હતો.

વળી, મંડળી અમુક પાપોને માટે દેહકષ્ટ કરવાનું શિખવતી; એટલે પોતે ભોગવવાની શિક્ષા જે પાપ માટે પોતાનો શોક બતાવે છે તેને માટે પ્રાયશ્ચિત કરવાનું શોધે છે, અને શીક્ષાને દૂર કરવાનો પ્રયત્ન કરે છે: ઉપવાસ કરવો, પોતાને મારવું, તાવીજ, માળાઓ તથા બાલવાળા ડગલા વગેરે પહેરવાના રિવાજો દાખલ થયા. વળી "માફી પત્ર" (ઇન્ડલ્જેન્સ) વેચવામાં આવતો, કે જેમાં એમ કહેવામાં આવ્યું હતું કે પશ્ચાત્તાપી માણસ આ જીંદગીમાં કરેલા

પાપની માફી તથા પર્ગેટરીમાંની અમુક વખતની શિક્ષામાંથી મુક્તિ વેચાતી લે છે. જો અમુક પાપને લીધે માફી વેચાતી લીધી હોય તો તે પાપને માટે કાંઇ પ્રાયશ્ચિત કરવાની જરૂર નથી. આ રીતે માફી વેચાતી લેવામાં આવતી હતી. જુદાં જુદાં પાપો માટે જુદી જુદી કિમ્મત હતી. એવી રીતે મંડળીને પુષ્કળ પૈસા મળતા; કારણ કે વ્હેમી લોકો એમ સમજતા હતા કે તેઓ ખરેખર એવી રીતે પાપની માફી મેળવી શકે છે, અથવા પર્ગેટરીમાંથી પોતાના મિત્રને મુક્ત કરી શકે છે; અને એ કારણથી તેઓ આતુરતાથી તે વેચાતી લેતા હતા. તેઓ જાણતા નહોતા કે, આકાશમાં દેવ છે કે જે પ્રેમાળુ બાપ છે, અને તે પૈસા વગર તેના દીકરા ઇસુ ખ્રીસ્તપરની પ્રીતિને લીધે પશ્ચાતાપી પાપીઓને પાપની માફી આપે છે.

ધાસ્તી વગર લુથરે હિમ્મતથી માફીપત્રો વિરૂદ્ધ ઉપદેશ કીધો, અને તે નકામુ છે તથા આ વેચાણમાં લાચાર માણસોને છેતરનારનું દુષ્ટપણું છે એમ તેણે દેખાડયું. વળી તેણે એકલા પવિત્ર શાસ્ત્રનેજ વિશ્વાસના નિયમ તરીકે જાહેર કીધું. પોપના ઉપરીપણાના હક્ક વિરૂદ્ધ પણ તેણે ઉપદેશ કીધો. તેને મંડળીમાંથી બહાર કાઢી મુકવામાં આવ્યો, અને ઘણી વાર તેનો જીવ જોખમમાં હતો; તોપણ હિમ્મતથી અને પરાક્રમે, તે મુસાફરી કરીને ઉપદેશ કરતો હતો, ને વિશ્વાસથી ન્યાયીપણુ એ મત શાસ્ત્રમાંથી શાબિત કીધો, એટલે કે કોઇ પાદરી અથવા બીજા માણસની માર્ફતે નહિ, અથવા અમારા પુણ્યથી નહિ, પણ પ્રભુ ઇસુ ખ્રીસ્તની માર્ફતે, તે પર વિશ્વાસ રાખવાથી, આપણું તારણ થાય છે. આતો મહાન સુધારાની મુખ્ય વાર્તા હતી. અને દરેક ઠેકાણે આ બહુ કીર્ત્તિમાન વાતનો રાજીખુશીથી અંગીકાર કરનારા લોકોની મોટી ઠઠ મળી આવતી. **અને જે વાત લુથરે**

શિખાડી તે આ, એટલે ફક્ત વિશ્વાસથી ન્યાયી થઈ શકાય છે, વિશ્વાસના એકલા નિયમ તરીકે શાસ્ત્રની સંપૂર્ણતા, અને મંડળીમાં ઇસુ ખ્રીસ્તનું શીરપણું, આ વાત ખ્રીસ્તી ધર્મના સુધારેલા અથવા પ્રોટેસ્ટન્ટ મતનો પાયો છે.

અધ્યાય ૭ મો.

મેકસીકોમાંની એક વાત.

આ વિષયના સંબંધમાં નિચેની વાત જાણવા જોગ છે: થોડા વખત પર (જુલાઇ ૧૯૧૪ માં) રૂમી મતવાળા દેશ મેકસીકોના ન્યૂવો લીઓન સ્ટેટ્માંના ગવર્નરે એક હુકમ ફરમાવ્યો, જેમાં તેણે જાહેર કીધું કે: "પ્રજાની જીંદગીમાં [રૂમી] મંડળી ખટપટી અને ખાનગી કામોમાં હાનીકારક આડતીયો થયો, અને તેનું આત્મિક કામ કે જે કરવાનો તેને એકલીને હક છે, તે તદન ભુલી ગઇ. કેથૉલીક પંથ રાજકારભારના વગ, અથવા કારભાર અથવા કેળવણી વગેરે બંધ કરવા વિષેના સંકલ્પમાં સ્થીર છે; અને કેથૉલીક નિશાળો તથા ધર્મની વ્યવસ્થા ચલાવવાને, નિચેના નિયમો ઠરાવવા સરકારને યોગ્ય લાગ્યું:—(૧) બધા પરદેશી કેથૉલીક પાદરીઓ તથા જેસ્યૂઇટો, પછી તે ગમે તે દેશના હોય, તો પણ ન્યૂવો લીઓન સ્ટેટમાંથી કાઢી મુકવામાં આવશે. (૨) બાકીના કેથૉલીક પાદરીઓમાંના જેઓ રાજકારભારથી પુરતી રીતે અલગ રહેવાનો પુરાવો દેખાડી શકતા નથી તેઓને કાઢી મુકવામાં આવશે. (૩) દેવળો રોજ સવારના ૭ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી ઉઘાડાં રહેશે. જે પાદરીઓને ભક્તિ ચલાવવા પરવાનગી મળી હશે, તેઓ-

તેજ ફક્ત ચલાવવા દેવામાં આવશે. (૪) કન્ફેશનની [એટલે પાદરી આગળ પાપ સ્વિકાર] મનાઇ કરાયલી છે. (૫) સેક્રિસ્ટીમાં (એટલે દેવળમાં પૂજાનાં વાસણ ઇત્યાદિ રાખવાની ઓરડી) જવાની લોકોને મનાઇ કરેલી છે. દેવળના ઘંટો ફક્ત દેશને માન આપવામાં અથવા કૉનસ્ટિટયુશનલીસ્ટ લશ્કરની જીત દેખાડવા માટે વગાડવામાં આવશે. (૭) બધી કેથૉલીક પાઠશાળાઓ, જે સરકારી નિયમ પાળતી નથી, અને જેના ઉપર આ દેશની નિશાળોમાંથી નિકળેલો ગ્રેજ્યુએટ, જે કોઈ નિયમના ભંગ માટે સરકારને જવાબદાર રહે, એવો ઉપરી ન હોય, તે બંધ કરવામાં આવશે."

જે દેશમાં રૂમી મંડળીએ તથા જેસ્યૂઇટોએ સેંકડો વર્ષ સુધી અધિકાર ચલાવ્યો, તે દેશોમાંના તેઓના કામ તથા અસરનો આ હુકમ કેવો ખુલાસો તથા વિવેચન છે.

અધ્યાય ૮ મો.

રૂમી મંડળીના શોધી કહાડેલા મતો તથા ક્રિયા.

રૂમી મંડળીથી જે ક્રિયા તથા મતો ઠરાવેલા તેઓમાંના કેટલાએક સાલ સાથે નિચે પ્રમાણે છે:—

ઈ. સ. ૩૦૦. મરિયમની ભક્તિની શરૂઆત.

૪૦૦. મૂર્ત્તિપૂજાની શરૂઆત.

૪૧૭. બધા ખ્રીસ્તીઓ ઉપર રાજ્ય કરવાનો હક પોપે પહેલાં ફરમાવ્યો.

૫૦૦. પર્ગેટરી મત પ્રસિદ્ધ થયો.

૫૦૬. કૉન્સ્ટાન્ટીનોપલની મંડળીના બિશપને બદલે શાહેનશાહે રૂમી મંડળીના બિશપને મુખ્ય બિશપ નિમ્યો.

૭૫૫. પોપ સંસારિક કુમાર થયો. (આ મોઠાઇ ૧૮૭૦ માં પાછી લઇ લેવામાં આવી.)

૮૦૦. સંતોની ભક્તિની શરૂઆત.

૮૩૧. ટ્રૅાન્સબસ્ટૅાનશીએશન, એટલે પ્રભુ ભોજનમાં રોટલી તથા દ્રાક્ષરસ ઇસુનું ખરેખર માંસ તથા લોહી થઇ જાય છે, તે મત શિખાડવામાં આવ્યો.

૮૩૧. મુએલાઓના શેષ, ઇ. ની ભક્તિની શરૂઆત.

૯૯૮. મરી ગએલાઓ માટે પ્રાર્થનાઓ સ્થાપવામાં આવી.

૧૦૦૦. લાટીન ભાષામાં મંડળીની ભક્તિ સભા ચલાવવામાં આવી.

૧૦૭૪. પાદરીઓને કુંવારા રહેવાનું ફરમાવવામાં આવ્યું.

૧૧૦૦. પાપની માફીનો વેચાણ અને ખરીદીનો હક સ્થાપવામાં આવ્યો.

૧૧૪૦. બે સંસ્કારો જે ખ્રીસ્તે સ્થાપ્યા તેને બદલે સાત સંસ્કારો મંડળીથી સ્થાપવામાં આવ્યા.

૧૨૦૬. ઇનક્વિઝિશન એટલે મોટી સતાવણી ઠરાવી.

૧૨૧૫. ટ્રાન્સબ્સ્ટાનશિએશન સિદ્ધાંત બન્યો.

૧૨૧૭. પ્રભુ ભોજન વખતે તેમાંની વસ્તુઓની ભક્તિ શરૂ થઇ.

૧૩૦૨. પોપની પુરી સત્તા અને ફક્ત રૂમી મંડળીની માર્ફતે તારણ થાય છે એમ ફરમાવવામાં આવ્યું.

૧૪૧૫. પ્રભુ ભોજન વખતે દ્રાક્ષરસ સાધારણ માણસને આપવાની મનાઇ કરવામાં આવી.

૧૪૧૫. પાદરી આગળ પાપની કબૂલાત સ્થાપવામાં આવી.

૧૪૩૯. પર્ગેટરી એક સિદ્ધાંત તરીકે પ્રગટ કરવામાં આવ્યો.

૧૫૪૬. દંતકથા શાસ્ત્ર સરખી છે એમ પ્રગટ કરવામાં આવ્યું.

૧૫૪૭. સાત સંસ્કારો મંડળીના સિદ્ધાંત તરીકે ઠરાવવામાં આવ્યા.

૧૫૬૨. પ્રભુ ભોજન યજ્ઞ છે માટે રૂમી પાદરીઓ યાજકો છે એ ફરમાવવામાં આવ્યું.

૧૫૬૩. સંતો એટલે મુએલાઓ આગળ પ્રાર્થના કરવી આ મત ફરમાવવામાં આવ્યો.

૧૫૬૩. મૂર્તિપૂજા એ એક મત તરીકે ફરમાવવામાં આવ્યો.

૧૫૬૩. ઈન્ડલ્જેન્સેસ, એ એક મત તરીકે ફરમાવવામાં આવ્યો.

૧૫૬૪. મંડળીના માણસોને શાસ્ત્ર વાંચવાની મનાઈ કરવામાં આવી.

૧૫૬૪. રૂમી પાદરી પાપની માફી આપી શકે, આ મત ફરમાવવામાં આવ્યો.

૧૮૫૪. મરિયમને પાપ વગર ગર્ભ રહ્યો, આ મત ફરમાવવામાં આવ્યો.

૧૮૭૦. પોપ ભુલ કરી શકતો નથી, એ મત ફરમાવવામાં આવ્યો.

અધ્યાય ૯ મો.

પ્રોટેસ્ટન્ટ મંડળીઓનું વિશ્વાસનામું.

(अ) પ્રોટેસ્ટન્ટ મંડળીઓનું વિશ્વાસનામું અથવા કાનુન નીચે મુજબ છેઃ—

સર્વ સમર્થ પરમેશ્વર બાપ, આકાશ પૃથ્વીનો કર્ત્તા; (ઉત્પ. ૧ : ૧; ૧૭. ૧; માત્થી ૬.)

અને ઇસુ ખ્રીસ્ત, તેનો એકાકીજનિત દિકરો, આપણો પ્રભુ; (૧ યોહાન ૪ : ૯; ૫ : ૧૧, ૧૨)

જે પવિત્ર આત્માથી ગર્ભ રહ્યો; (લુક ૧ : ૨૮–૩૫)

મરિયમ કુંવારીથી જન્મ્યો; (લુક ૨ : ૬, ૭)

પોંતીયસ પીલાતની હકુમતમાં દુઃખ વેઠયું; (માત્થી ૨૭ : ૨૪–૩૧)

વધસ્તંભે જડાયો; (માત્થી ૨૭ : ૩૫)

મુઓ; (માત્થી ૨૭ : ૫૦)

તથા દટાયો; (માત્થી ૨૭ : ૫૯, ૬૦)

તે ત્રીજે દહાડે મુએલામાંથી ઉઠયો; (માત્થી ૨૮:૧–૮)

ને આકાશમાં ચઢી ગયો; (લુક ૨૪ :૫૦, ૫૧)

ને સર્વ સમર્થ પરમેશ્વર બાપને જમણે હાથે બેઠો છે; (માર્ક ૧૬ : ૧૯)

ત્યાંથી તે જીવતાંઓનો તથા મુએલાંઓનો ન્યાય ઠરાવવા સારૂ આવશે; (માત્થી ૨૫ : ૩૧–૪૬; ૨ કરીંથી. ૫ : ૧૦; પ્રકટી. ૨૦ : ૧૧–૧૫)

વળી પવિત્ર આત્મા; (યોહાન ૧૪ : ૨૬; પ્રેરિત. ૧:૮)

પવિત્ર સાર્વત્રિક મંડળી (પ્રેરિત. ૨૦ : ૨૮; ૧ તીમ. ૩ : ૧૫)—પવિત્રોનો સત્સંગ; (પ્રેરિત. ૨ : ૪૨–૪૭;૧ કરીંથી. ૧૦ : ૧૬–૧૮; ૧ યોહાન ૧ : ૭)

પાપોની માફી; (લુક ૨૪ : ૪૭; પ્રેરિત. ૧૩ : ૩૮; ૧ યોહાન ૧ : ૯)

શરીરનું પુનરૂત્થાન; (યોહાન ૫ : ૨૮, ૨૯: ૧ કરીંથી. ૧૫ : ૧૨–૫૮)

તથા અનંત જીવન. (માત્થી ૨૫ : ૪૬; યોહાન ૧૦:૨૮)

આ બધાને હું માનું છું. આમેન.

(आ) ઉપરના વિશ્વાસનામા ઉપરાંત જે મુખ્ય ધર્મ સિદ્ધાંતો સત્તાનુસારી (પ્રોટેસ્ટન્ટ) મંડળીઓ માને છે, તે નીચે મુજબ છે:—

૧. દેવનું ત્રીએકપણું. માત્થી ૨૮:૧૯; ૨ કરીંથી. ૧૩:૧૪.

૨. ખ્રીસ્તનું ઇશ્વરત્વ. યોહાન ૧:૧; ૧૦:૩૦; ફીલીપી.૨:૬.

૩. પવિત્ર આત્માની વ્યક્તિ. યોહાન ૧૪, ૧૫, ૧૬.

૪. પવિત્ર શાસ્ત્રની ઐશ્વરી સત્તા. ૨ તીમ. ૩ : ૧૬; ૨ પીતર ૧ : ૨૦, ૨૧.

૫. મંડળી જે ખ્રીસ્તનું શરીર તથા કન્યા છે તેના માંહે ભિન્નતા છતાં ઐકયતા. યોહાન ૧૭ : ૨૨; એફેસી. ૪ : ૨૫; ૫ : ૨૨–૩૩; ૧ કરીંથી. ૧૨.

૬. પ્રાયશ્ચિત (પાપીઓને સારૂ ખ્રીસ્તનું પ્રાયશ્ચિત કારક મરણ). માર્ક ૧૦:૪૫; ૧ તીમ. ૨ : ૬; ૧ પીતર ૩:૧૮.

૭. નવા જન્મની અગત્ય (પુનર્જન્મ). યોહાન ૧ : ૧૨, ૧૩; ૩ : ૩–૭.

૮. સુકરણીની અગત્ય. યહુદા ૧:૨૨–૨૭; ૨:૧૭–૨૬.

૯. ખ્રીસ્તનું પાછું આવવું. યોહાન ૧૪ : ૩, ૧૮, ૨૮; પ્રેરીત. ૧ : ૧૧; માત્થી ૨૪ : ૩૦; ૧ થેસ્સા. ૧ : ૧૦; ૪ : ૧૬; પ્રકટી. ૧ : ૭.

૧૦. આત્માનું અમરપણું. ઉત્પ. ૨ : ૭; માત્થી ૧૦:૨૮.

૧૧. શરીરનું પુનરૂત્થાન. ૧ કરીંથી. ૧૫.

૧૨. વિશ્વાસીઓને સનાતન જીવન. યોહાન ૩ : ૧૬; માત્થી ૨૫ : ૩૪, ૪૬; લુક ૧૬: ૨૧–૨૬.

૧૩. પસ્તાવો નહિ કરનારને અનંત શીક્ષા. માર્ક ૯ : ૪૩–૪૮; માત્થી ૮ : ૧૨; ૨૫ : ૪૧, ૪૬.

૧૪. શેતાનનું અસ્તિત્વ. માત્થી ૪ : ૧–૧૧; યોહાન ૧૩ : ૨; ૧ પીતર ૫ : ૮.

અધ્યાય ૧૦ મો.

છેલ્લી વાત.

જેમ અમે કહ્યું તેમ ઘણા સારા પોપ થઈ ગયા; અને રૂમી મંડળીમાં ઘણા સારા, ધાર્મિક, પવિત્ર માણસો થઈ પણ ગયા, કે જેઓને માન આપવાની પ્રોટેસ્ટન્ટ લોકોની ખુશી છે, જેમકે આસીસીવાળા ફ્રૅાન્સીસ, સુસો, થોમાસ અકેમ્પીસ, જોન ટૉલર, એખાર્ટ, સાવોનારોલા, થોમાસ આકવીનાસ, આબેલાર્ડ, મડમ ગાયાન, ઈ.

આત્મિક અંધારામાં તેઓએ ઘણીવાર પ્રકાશ પાડ્યો ખરો. પણ જો બધા રૂમી મંડળીવાળા એવા માણસો જેવા હોત તો પ્રોટેસ્ટન્ટ ધર્મ ન થાત, એમ અમે માનીએ છીએ. પણ અફસોસની વાત એ છે કે, જેમ આ ચોપાનીઆમાં બતાવવામાં આવ્યું તેમ આ મંડળી કે જેના સંબંધમાં કેટલાએક વરસ સુધી પાઊલ પ્રેરિતે કામ કીધું—અને આ મંડળી કહે છે કે પીતરે પણ—તે પ્રેરિતોના મતથી બહુ દુર રહી ગઇ છે. અને ઘણીએક બાબતમાં ખ્રીસ્ત તથા પ્રેરિતોની શિખામણ પ્રમાણે નહિ પણ માણસોના સંપ્રદાય પ્રમાણે શિખાડે છે અને ચાલે છે. તોપણ તેઓ કહે છે કે અમારી મંડળી એકલીજ ખરી મંડળી છે, અને અમારા

મત એકલાજ ખરા મત છે. અને પ્રોટેસ્ટન્ટ લોકોને તે મંડળીમાં ખેંચી લેવા પ્રયત્ન કરે છે; માટે અમે આ ચોપાનીયુ અમારા પ્રોટેસ્ટન્ટ લોકોને માટે લખીએ છીએ, કે તેના મતો આપણા ખ્રીસ્તી શાસ્ત્રને અનુસરતા છે કે નહિ, તથા ઇતિહાસ શું કહે છે, તે તેઓ પુરી રીતે જાણે.

*   *   *   *

ઇસુ ખ્રીસ્તની મંડળીનો મહિમા, તેની ઇમારતો, અથવા પાઠશાળાઓ, અથવા ક્રિયા, અથવા સભાઓ, અથવા ગાયન, અથવા મતો, અથવા પાદરીવર્ગમાં નથી, પણ તેના સભાસદો તથા પાદરીઓની ખ્રીસ્ત જેવી ચાલચલણુમાં, માનવ જાતની ગરજ પુરી પાડવાના કામમાં, અને દેવ ભણી માણસોને ઉંચકવાના કામમાં, મંડળીનો મહિમા છે. મંડળીનો તોલ કરવો એજ તેની ખરી કસોટી છે, અને તેની હસ્તી ધરાવવાનો પણ એજ હક છે.

વાંચો:—પ્રકરીકરણ ૨ અને ૩.

ખ્રીસ્તની મંડળી.

"દેવની મંડળી જે તેણે પોતાના લોહીથી ખરીદી." પ્રેરિતો. ૨૦ : ૨૮

મંડળનો એકજ પાયો ખ્રીસ્ત ઈસુ સજીવન,
જળ અને દેવ વચનથી નવી થઇ ઉત્પન્ન;
પવિત્રી વહુ કરવાને તેણે શોધી લીધી,
ને આકાશથી આવીને રક્તથી ખરીદ કીધી.

તેણીના બચાવ કાજે ઇસુએ દીધો દામ,
આ વાત મનમાં રાખીને મંડળી પામે છે હામ,
ને જ્યારે પ્યારા નાથે ભયંકર મોત સહ્યું,
પ્રેમના પુરાવામાં તો હાલ બાકી શું રહ્યું? ૨

દરેક દેશથી નિમેલી, પણ આખા જગમાં એક,
એક નાથ, જન્મ, ને ધર્મ એજ તારણ સનદ નેક,
એકજ પાક નામ વખાણે, લે એક પવિત્ર અન્ન,
ને એકજ આશ ધરાવી સંગાય છે તેનું મન. ૩

તુચ્છ તાજુબી બતાવી, લોક જુએ તેનો બોજ,
મત ભેદથી છે ભાંગેલી ને વાંધો થાય છે રોજ;
તોપણ ભક્તો ફરે છે જાગૃત હોય મધરાત,
પુછે, પ્રભુ, વાર કેટલી, ને ક્યારે થાય પ્રભાત? ૪

છે પરીશ્રમ ને ગભરાટ ને યુદ્ધનો ઘોર અવાજ,
પણ સતશાંતિ યુગ આણવા મંડળ કરે નિમાજ;
કે તૃષિત આંખે પડે મન મોહિત મહીમા,
મહા મંડળ જે જયવંત થાય શાંતીવાન સદા. ૫

પણ પૃથ્વીપર છે સંગમ, ત્રીએક ઇશ્વરની માંય,
પરલોકમાં જે પોહોંચેલાં, તેઓની મિષ્ઠ મિત્રાઇ;
રે સુખી આત્મિક જણાં, દેવ અમને દે કૃપા
કે ત્યાં, તુજસંગ રહીએ, નમ્ર તેઓ જેવા. ૬

સમાપ્ત.